RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 18* Date: 07.11.2022, Monday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### હિમાચલ પ્રદેશની ચૂંટણી માટે ભાજપે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

## રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ લાવશે, ૮ લાખથી વધુ રોજગારીની તકો પૂરી પાડશે

**ચૂંટણી ઢંઢેરો બહાર પાડતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે અમે અગાઉ આપેલા વચનો પૂરા કર્યા છે**

શિમલા,તા.૬

હિમાચલ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ બાદ હવે ભાજપે પણ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. ચૂંટણી ઢંઢેરો બહાર પાડતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે અમે અગાઉ આપેલા વચનો પૂરા કર્યા છે. તેમણે કહ્યું કે ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ હિમાચલમાં ૨૮ લાખ લોકોને લાભ મળ્યો છે. જેપી નડ્ડાએ વધુમાં જણાવ્યું હતું કે, "સ્વચ્છ ભારતે ૨ લાખ પરિવારોને સ્વચ્છતા સાથે જોડ્યા છે. આવાસ યોજના દ્વારા હજારો લોકોને પાકાં મકાનો મળી રહ્યા છે. આયુષ્માન યોજના સાથે ૫ લાખ ૩૦ હજાર પરિવારો જોડાયેલા છે." જેપી નડ્ડાએ એમ પણ કહ્યું કે અમે ઘણી એવી વસ્તુઓ આપી છે જેના વિશે અમે ક્યારેય કહ્યું નથી.

ભાજપે પોતાના મેનિફેસ્ટોનું નામ 'સંકલ્પ પત્ર' રાખ્યું છે. બીજેપી પ્રમુખ જેપી નડ્ડાએ કહ્યું, "આ 'સંકલ્પ પત્ર' ૧૧ પ્રતિબદ્ધતાઓ પર આધારિત છે. આ પ્રતિબદ્ધતાઓ સમાજમાં એકરૂપતા લાવશે, યુવાનો અને ખેડૂતોને સશક્ત બનાવશે, બાગાયતને મજબૂત બનાવશે, સરકારી કર્મચારીઓને ન્યાય આપશે અને ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપશે."

જેપી નડ્ડાએ કહ્યું કે ભાજપ સરકાર રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાવશે. આ હેતુ માટે નિષ્ણાતોની એક સમિતિ બનાવવામાં આવશે અને તેના અહેવાલના આધારે રાજ્યમાં યુસીસી લાગુ કરવામાં આવશે. જેપી નડ્ડાએ કહ્યું કે ભાજપ સરકાર તબક્કાવાર ૮ લાખથી વધુ રોજગારીની તકો પૂરી પાડશે. જેમાં સરકારી નોકરીઓ અને આર્થિક ક્ષેત્રમાં ચાલી રહેલા કામનો સમાવેશ થશે.તમામ ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવશે

જેપી નડ્ડાએ કહ્યું કે અમે અહીં ૫ નવી મેડિકલ કોલેજો ખોલીશું. આરોગ્ય માળખાને ધ્યાનમાં રાખીને અને પ્રાથમિક આરોગ્યને વધુ મજબૂત બનાવવા માટે, દરેક વિધાનસભા મતવિસ્તારમાં મોબાઈલ ક્લિનિક્સની સંખ્યા બમણી કરવામાં આવશે જેથી દૂરના લોકોને સ્વાસ્થ્ય લાભો મળી શકે.

હિમ સ્ટાર્ટ હવે યુવાનો માટે યોજના ચલાવશે. ૯૦૦૦ કરોડનું ફંડ હશે. યુવાનોને સ્ટાર્ટ અપમાં સામેલ કરવામાં આવશે.

ભાજપ સરકાર એક કાર્યક્રમ 'શક્તિ' શરૂ કરશે જે અંતર્ગત ૧૦ વર્ષના સમયગાળામાં ધાર્મિક સ્થળો અને મંદિરોની આસપાસ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહનના વિકાસ માટે ૧૨,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. તેઓ 'હિમતીર્થ' સર્કિટ સાથે જોડાયેલા હશે.

સફરજન ઉત્પાદકો માટે પેકેજિંગ માટે જીએસટી રાહત

વકફ મિલકતનો સર્વે કરવામાં આવશે. ન્યાયિક પંચ હેઠળ વકફ મિલકતોની તપાસ




કરવામાં આવશે અને તેનો ગેરકાયદેસર ઉપયોગ અટકાવવામાં આવશે.

શહીદ સૈનિકોના પરિવારોને એક્સ-ગ્રેશિયા પેમેન્ટમાં વધારો કરવામાં આવશે.

## દિલ્હીમાં જૂની ડીઝલ કાર પર પ્રતિબંધ, ચલાવતા પકડાય તો ૨૦ હજાર દંડ થશે

### વાહનવ્યવહાર વિભાગ દ્વારા પાંચ લાખથી વધુ વાહન માલિકોને સમાન સંદેશો મોકલવામાં આવ્યો છે.

નવીદિલ્હી,તા.૬

સતત વધી રહેલા વાયુ પ્રદૂષણને કારણે દિલ્હીમાં જૂની ડીઝલ કાર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. હવે જ્યાં પણ મ્જીદ્દ સ્ટાન્ડર્ડથી ઉતરતા સ્તરની કાર ચાલતી જોવા મળશે તો કાર માલિકને ૨૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. આ સંદર્ભે, દિલ્લીના પરિવહન વિભાગે આવા વાહન માલિકોને સંદેશ મોકલીને ચેતવણી આપી છે. ચેતવણીમાં કહ્યું છે કે, જ્યાં સુધી હવામાન સારું ન થાય ત્યાં સુધી ભૂલથી પણ આવા વાહનો લઈને રસ્તા પર ના નીકળતા. વાહનવ્યવહાર વિભાગ દ્વારા પાંચ લાખથી વધુ વાહન માલિકોને સમાન સંદેશો મોકલવામાં



આવ્યો છે.

ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ, દિલ્લી તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, કોમ્પ્યુટરાઈઝ્ડ ડેટા અનુસાર, દિલ્લીમાં નોંધાયેલા તમામ વાહનોના માલિકોને ઓટોમેટિક સંદેશા મોકલવામાં આવ્યા છે. જે બીએસ ૬ ધોરણને પૂર્ણ કરતા નથી. તેમને કહેવામાં આવ્યું છે કે દિલ્લીમાં પ્રદૂષણ ભયજનક સ્તરે પહોંચી ગયું છે. આવી સ્થિતિમાં, પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે દિલ્લીની સીમામાં મ્જીદ્દ સ્ટાન્ડર્ડ કરતા ઓછા ડીઝલ વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ મેસેજમાં વિભાગે આવા વાહન માલિકોને ચેતવણી આપી છે કે જો પકડાશે તો વીસ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે.

પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે દિલ્લી સરકારે દિલ્લીમાં ગ્રાફ ફોર લાગુ કરી છે. આ વ્યવસ્થા હેઠળ પ્રદૂષણ ફેલાવતી વિવિધ પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવી છે. આમાં ધુમાડો ફેલાવતી ફેક્ટરીઓથી માંડીને બાંધકામ અને જનરેટર વગેરેનો સમાવેશ થાય છે. જેના કારણે અહીં આર્થિક ગતિવિધિઓ પર ખરાબ અસર પડી રહી છે. આમ હોવા છતાં, સરકારે સ્પષ્ટ કર્યું છે કે લોકોના જીવનની કિંમત પર આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે નહીં.

બીએસ-૬ સ્ટાન્ડર્ડથી નીચેના ડીઝલ વાહનો પર પ્રતિબંધની અસર રસ્તાઓ પર પણ જોવા મળશે. આ વાહનોને રોડ પરથી હટાવવાથી ટ્રાફિક જામમાંથી ઘણી હદે રાહત થશે. સાથે જ લોકોને જાહેર વાહનોનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવશે. તેનાથી પ્રદૂષણ પર પણ અસર થશે. તમને જણાવી દઈએ કે આ સમયે દિલ્લીમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ છે. હાલમાં દિલ્લીનો છઊેં ચિંતાજનક સ્થિતિમાં છે. આ સમયે વાતાવરણમાં ધુમ્મસનું પાતળું પડ જામ્યું છે. જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી છે.

## મુંબઈ પોલીસમાંથી બરતરફ થયેલા સચિન વાજેએ જેલમાં બતાવ્યો રૌફ, ગાર્ડને ધમકી આપી

મુંબઈ,તા.૬

તલોજા જેલે મુંબઈ પોલીસના બરતરફ અધિકારી સચિન વાજે પર જેલની અંદર ગેરવર્તનનો આરોપ લગાવ્યો છે. જેલ સત્તાવાળાઓએ ટ્ઠૈંછ કોર્ટમાં લેખિત ફરિયાદ કરી છે. મુકેશ અંબાણીના ઘર એન્ટિલિયાની બહાર વિસ્ફોટકો રાખવાના કેસના મુખ્ય આરોપી વાજેએ જેલની અંદર ગાર્ડ સાથે ગેરવર્તણૂક કરી અને તેમને ધમકી પણ આપી. જેલના અધિકારીઓએ દાવો કર્યો હતો કે ગયા અઠવાડિયે વાજેએ ગાર્ડને બૂમો પાડી હતી કે તેને ચેક-અપ માટે હોસ્પિટલમાં લઈ જવો જોઈએ.

જોકે, વાજેની વિનંતીને જેલના રક્ષકોએ ઠુકરાવી દીધી હતી. આ પછી વાજે ગુસ્સે થઈ ગયો અને ગાર્ડ સાથે દલીલ કરવા લાગ્યો. ત્યારબાદ વાજે જેલ અધિક્ષકને મળવાનો પ્રયાસ કર્યો હતો અને કથિત રીતે ગાર્ડને ધમકાવ્યો હતો. વાજેના આ વર્તનને જોઈને જેલ પ્રશાસને સ્પેશિયલ કોર્ટને પત્ર લખીને પૂર્વ પોલીસ અધિકારીના ગેરવર્તણૂકની જાણકારી આપી હતી. આ પછી વાજેએ પોતાના કૃત્ય બદલ માફી પણ માંગી હતી.

તે જ સમયે, વિશેષ અદાલતે હવે વાજેના વકીલને પત્રનો જવાબ આપવા કહ્યું છે. કેસની આગામી સુનાવણી ૧૦ નવેમ્બરે થશે. થાણેના વેપારી મનસુખ હિરેનની હત્યા અને એન્ટિલિયા વિસ્ફોટકો કેસના સંબંધમાં ૧૩ માર્ચ ૨૦૨૧ના રોજ ધરપકડ બાદથી વાજે તલોજા જેલમાં બંધ છે. ગયા મહિને વાજેને દિલ્હી હાઈકોર્ટે મોટો ઝટકો આપ્યો હતો. હાઈકોર્ટે મુકેશ અંબાણીની યુએપીએ હેઠળ વાજે સામેની કાર્યવાહીને પડકારતી અરજીને ફગાવી દીધી હતી કારણ કે એન્ટિલિયાના નિવાસસ્થાનની બહાર વાહનમાં બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો હતો.

વાજેએ એન્ટિલિયા કેસમાં તેમની સામે યુએપીએ હેઠળ કેસ દાખલ કરવાને પડકાર્યો હતો. જસ્ટિસ મુક્તા ગુપ્તા અને જસ્ટિસ અનીશ દયાલની બેંચે કહ્યું કે આ અરજી દિલ્હી હાઈકોર્ટના અધિકારક્ષેત્રની બહાર છે.

## કોંગ્રેસની ભારત જોડો યાત્રાના જવાબમાં રાજસ્થાન ભાજપની ખાસ તૈયારી

જયપુર,તા.૬

દક્ષિણ ભારતથી શરૂ થયેલી કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં જઈ સંપન્ન થશે.આ યાત્રાને જનતાનો ભારે ટેકો મળી રહ્યો છે હવે આ યાત્રાના જવાબમાં ભાજપ રાજસ્થાન એકમ એક મેગા રથયાત્રા કાઢવાની તૈયારી કરી રહી છે.રાજસ્થાનમાં ભાજપ વર્તમાન રાજય સરકારની કહેવાતી નિષ્ફળતાને જાહેર કરવાના પ્રયાસમાં એક મેગા રથયાત્રા શરૂ કરશે.૧૭ નવેમ્બરથી ૧૭ ડિસેમ્બર સુધી રાજયના તમામ ૨૦૦ નિર્વાચન વિસ્તારોમાં ૨૦૦ રથોથી યાત્રા કાઢશે.આ રથ સાતથી દસ દિવસ સુધી નિકળશે.આ દરમિયાન ભાજપ પોતાના તમામ ૧,૧૦૦ તાલુકા અને ૫૨,૦૦૦ મતદાન કેન્દ્રને કવર કરશે.દરેક વિધાનસભા વિસ્તારમાં પાર્ટીના જીલાધ્યક્ષ,વર્તમાન ધારાસભ્ય ભાજપના પૂર્વ ઉમેદવાર



પદાધિકારી વિવિધ મોરચાના સભ્ય સહિત અન્ય નેતા સામેલ થશે.ભાજપનું માનવુ છે કે આ રથયાત્રાથી પાર્ટીને એક મજબુત શક્તિ મળશે અને પાર્ટીના સભ્યોમાં ઉત્સાહ અને વિશ્વાસ વધશે.ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું કે અમે તેની તૈયારી શરૂ કરી દીધી છે કોઈ પણ ધારાસભ્ય,પૂર્વ ધારાસભ્ય અથવા જીલાધ્યક્ષ કોઈ વિસ્તાર ખાસ કરીને કોઇ પણ વરિષ્ઠ નેતાને રથયાત્રામાં સામેલ થવા માટે બોલાવી શકે છે.તેમણે કહ્યું કે આ રથયોમાં લગભગ ૧૦ લોકોને બેસવાની વ્યવસ્થા હશે.માઈક ડેકોરેશનની પણ વ્યવસ્થા હશે તમામ રથો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર કેન્દ્ર સરકારની યોજનાઓના પોસ્ટર અને ભાજપની નીતિઓના પોસ્ટર લગાવેલા હશે.અનેક જગ્યાઓ પર રથ રોકાશે આ દરમિયાન નાની નાની બેઠકો કરવામાં આવશે અને લોકોને રાજયમાં કોંગ્રેસ સરકારની નિષ્ફળતા બગડતી કાયદો વ્યવસ્થા અને બેરોજગારીની બાબતમાં લોકોને બતાવવામાં આવશે. એક ચોક્કસ માર્ગ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

## શિવરાજજીએ ઉતવાળ કરી દીધી નહીતર અમે ૨૦૧૮માં પણ સરકાર બનાવી લેત : કૈલાશ વિજયવર્ગીય

ગ્વાલિયર,તા.૬

મધ્યપ્રદેશ વિધાનસભા ચુંટણી ૨૦૧૮માં ભાજપની થયેલ હાલને લઇ ભાજપ મહામંત્રી કૈલાશ વિજયવર્ગીયે કહ્યું કે જો ૨૦૧૮ની વિધાનસભા ચુંટણી બાદ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રાજીનામું આપ્યું ન હોત તો પાર્ટી રાજયમાં સરકાર બનાવી લેત.વિજયવર્ગીયે કહ્યું કે ભાજપ વિધ્ય અને ચંબલના વિસ્તારોમાં બિલકુલ મજબુત સ્થિતિમાં ઉભી હતી તે કોંગ્રેસને જોરદાર ટકકર પણ આપી રહી હતી તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૮ના વિધાનસભા ચુંટણીઓથી પહેલા પણ આ રીતના દાવા કરવામાં આવી રહ્યાં હતાં પરંતુ ભગવા પાર્ટીએ આ વિસ્તારોમાં પોતાનો ઝંડો લહેરાવ્યો હતો. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૮માં અમારી સરકાર બની જાત કારણ કે અમને વધુ મત મળ્યા હતાં પરંતુ શિવરાજજીએ ઉતાવળથી કામ કર્યું. વિજયવર્ગીયે કહ્યું કે પાર્ટીએ અંતે દોઢ વર્ષ બાદ (જયોતિરાદિત્ય સિધિયાના નેતૃત્વમાં બળવો કર્યા બાદ કમલનાથના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકાર પડવા પર ) સરકાર બનાવી તેમને પુછવામાં આવ્યું હતું કે ચૌહાણે કંઇ રીતની ઉતાવળ કરી તો તેમણે કહ્યું કે (ચુંટણી પરિણામો બાદ ) રાજીનામુ આપી

એ યાદ રહે કે વિજયવર્ગીય,નાગરિક ઉડયન મંત્રી જયોતિરાદિત્ય સિંધિયા અને ચૌહાણ મુરૈનામાં એક ભાજપ નેતાના પરિવારમાં આયોજીત લગ્ન સમારોહમાં ભાગ લેવા ગ્વાલિયર આવ્યા હતાં. તેમણે આશા વ્યકત કરી કે ભાજપ વર્ષ ૨૦૨૩ની વિધાનસભા ચુંટણીમાં પણ સત્તા કાયમ રાખશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાની બાબતમાં તેમણે કહ્યું હતું કે તેનાથી ફકત લોકોનું મનોરંજન થઇ રહ્યું છે અને તેનો લાભ વિરોધ પક્ષ કોંગ્રેસને મળશે નહીં.

### નામિબિયાથી

## કુનો લાવવામાં આવેલા ૨ ચિત્તાઓનો ક્વોરન્ટિન ટાઈમ પૂરો થતાં છૂટા વાડામાં મોકલ્યા

નવીદિલ્હી,તા.૬

કુનો પાલપુર અભયારણ્યમાં નામીબિયાથી લાવવામાં આવેલા ૮ ચિત્તાઓનો ક્વોરન્ટિન ટાઈમ હવે પૂરો થઈ ગયો છે. અભયારણ્યમાં હવે ચિત્તા છોડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં, શનિવારે સાંજે કુનો નેશનલ પાર્કમાં ૨ ચિત્તા છોડવામાં આવ્યા હતા, અન્ય ૬ને પણ આગામી થોડા દિવસોમાં ક્વોરન્ટિનમાંથી આઝાદ કરવામાં આવશે. પીએમએ ટ્વીટ કર્યું, 'સારા સમાચાર! મને જણાવવામાં આવ્યું છે કે ફરજિયાત ક્વોરન્ટિન પછી, કુનો નિવાસસ્થાનમાં વધુ અનુકૂલન માટે ૨ ચિત્તાઓને મોટા વાજમાં છોડવામાં આવ્યા છે. અન્યને ટૂંક સમયમાં મુક્ત કરવામાં આવશે. તે જાણીને પણ આનંદ થાય છે કે તમામ ચિત્તા સ્વસ્થ અને સક્રિય છે, કુનો નેશનલ પાર્કની આબોહવાને સારી રીતે અનુકૂળ થઈ રહ્યા છે.

ભારતમાં 'પ્રોજેક્ટ ચિતા' હેઠળ, વડા પ્રધાને નરેન્દ્ર મોદીના જન્મદિવસે કુનો નેશનલ પાર્કમાં ૮ નામિબિયના ચિત્તા છોડવામાં આવ્યા હતા. વડાપ્રધાને પોતે જ તેમને વાડમાં છોડી દીધા હતા. હવે મોટા વાડામાં બે ચિત્તા છોડી દેવામાં આવ્યા છે, જે મોટા વિસ્તારમાં આસાનીથી વિહાર કરી શકશે. ખાસ વાત એ છે કે આ ચિત્તા હવે ૫૦ દિવસ પછી પણ શિકાર કરી શકશે, કારણ કે પાર્કમાં ચિતલ, હરણ જેવા પ્રાણીઓ ચિત્તાના શિકાર માટે હાજર રહેશે. કુનો રાષ્ટ્રીય ઉદ્યાનના અધિકારીઓએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૨ નર ચિત્તાને મોટા વાડામાં છોડવામાં આવ્યા છે, અન્યને પણ ટૂંક સમયમાં જ મોટા વાડામાં છોડવામાં આવશે. વાસ્તવમાં, નામિબિયા અને ભારતની આબોહવામાં તફાવતને કારણે, આ ચિત્તાઓને શરૂઆતના થોડા દિવસો સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા હતા અને તે કુનો નેશનલ પાર્કના વાતાવરણમાં તેમના સ્થાયી થવાની રાહ જોઈ રહ્યા હતા.ચિત્તાઓ બોમાસ અથવા મોટા વાડામાં સ્થાનાંતરિત થવાની રાહ જોઈ રહ્યા હતા, જ્યાં તેઓ શિકારની પ્રેક્ટિસ કરી શકે, એમ કુનોના એક અધિકારીએ જણાવ્યું હતું. તેઓ વાડામાં એક કે બે મહિના રોકાશે અને પછી મુખ્ય ઉદ્યાનમાં છોડવામાં આવશે. તે મહત્વનું છે કે તેઓ શિકારની પ્રેક્ટિસ કરે અને શિકારની નવી પ્રજાતિઓની આદત પામે. અમે દેખરેખ રાખીશું કે તેઓ નવી શિકારની પ્રજાતિઓને પસંદ કરી રહ્યા છે કે ટેવાઈ રહ્યા છે. પર્યાવરણ મંત્રાલયના અધિકારીઓએ સપ્ટેમ્બરમાં જણાવ્યું હતું કે કુનોમાં ચિતલ, સાંભર, નીલગાય, જંગલી ડુક્કર, ચૌશિંઘા, લંગુર વગેરેની સાથે ચિત્તાનો શિકાર કરવાનો સારો આધાર છે. એનટીસીએના સભ્ય સચિવ એસપી યાદવે જણાવ્યું હતું કે આફ્રિકામાં ચિત્તા ઈમ્પાલા, ગઝેલ જેવા જંગલી પ્રાણીઓનો શિકાર કરે છે જે ખૂબ જ ઝડપી હોય છે.

## તંત્રી સ્થાનેથી...

# ડિઝિટલ રૂપિયાના દોરની શરૂઆત




*૧લી નવેમ્બરથી ભારતીય રિઝર્વ બેંકે દેશમાં ડિજિટલ રૂપિયાના નવા દોરની શરૂઆત કરી છે. પ્રાયોગિક રીતે હજુ ફક્ત સરકારી સિક્યુરિટીના જથ્થાબંધ લેણદેણ માટે જ ડિજિટલ રૂપિયાના ઉપયોગની પરવાનગી આપવામાં આવી છે. આરબીઆઈએ નવ સરકારી અને ખાનગી ક્ષેત્રની બેંકોને સરકારી સિક્યોરિટીમાં લેવડદેવડ માટે ડિજિટલ કરન્સીના ઉપયોગની અનુમતિ આપી છે. જો આ પાયલટ પ્રોજેક્ટ સફળ રહે છે તો બીજા કેટલાય ક્ષેત્રોમાં પ્રાયોગિક રીતે ડિજિટલ મુદ્રાના ઉપયોગની શરૂઆત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આરબીઆઈએ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (સીબીડીસી) વિશેના પોતાના સંકલ્પના રિપોર્ટમાં કહેવાયું હતું કે ડિજિટલ મુદ્રા લાવવાનો હેતુ મુદ્રાના હાલના સ્વરૂપોનું પૂરક તૈયાર કરવાનો છે. તેનાથી વપરાશકર્તાઓને હાલની ચૂકવણી પ્રણાલીઓની સાથે વધારાના ચૂકવણી વિકલ્પ મળી શકશે. સીબીડીસી કોઈ કેન્દ્રીય બેંક તરફથી જારી થનાર મૌદ્રિક નોટોનું ડિજિટલ સ્વરૂપ છે. સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં ડિજિટલ રૂપિયો લાવવાની જાહેરાત કરી હતી.*

*નિઃસંદેહ દેશમા ડિજિટલીકરણ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ સમયે દેશમાં ૪૬ કરોડથી વધારે જનધન ખાતાં (જે), ૧૩૪ કરોડથી વધુ આધાર કાર્ડ (એ) અને ૧૧૮ કરોડથી વધુ મોબાઈલ યુઝર્સ (એમ)ના ત્રણ આયામી જેમથી આમ આદમી ડિજિટલ દુનિયા સાથે જોડાઈ ગયો છે. હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ૭૫ જિલ્લામાં ડિજિટલ બેંકિંગ યુનિટ (ડીબીયુ)ની વર્ચ્યુઅલ શરૂઆત કરતાં કહ્યું કે ભારત દુનિયાનો એવો દેશ બની ગયો છે, જ્યાં સૌથી ઝડપથી ડિજિટલીકરણ થઈ રહ્યું છે અને તેનાથી આમ આદમી અને અર્થવ્યવસ્થાના વિભિન્ન ક્ષેત્ર લાભાન્વિત થતા દેખાય છે. નિશ્ચિત રૂપે હાલમાં આઈએમએફ અને વિશ્વ બેંક સહિત વિભિન્ન વૈશ્વિક આર્થિક અને નાણાંકીય સંગઠનો દ્વારા પ્રકાશિત કરાતા રિપોર્ટોમાં વૈશ્વિક મંદી વચ્ચે ભારતની સ્થિતિ તુલનાત્મક રૂપે સંતોષજનક રહેવાનું મુખ્ય કારણ ભારતમાં ડિજિટલીકરણની વધેલી ઝડપ ગણાવાય છે. આઈએમએફે ૧૩ ઓક્ટોબરે જારી પોતાના રિપોર્ટમાં કહ્યું કે ગરીબો, ખેડૂતો અને સામાન્ય લોકોના સશક્તીકરણને ધ્યાનમાં રાખતાં ભારતમાં ૨૦૧૪થી લાગુ કરવામાં આવેલ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) યોજના ચમત્કાર જેવી છે. તેનાથી સરકારી યોજનાઓનો ફાયદો સીધો લાભાર્થીઓના બેંક ખાતાંમાં પહોંચાડવામાં ભારે સફળતા મળી છે. સાથે જ ડિજિટલીકરણ ભારતીય અર્થવ્યવસ્થામાં ગેમ ચેન્જર બની ગયું છે.*

*ઉલ્લેખનીય છે કે ડીબીટીનું લ-ય વિભિન્ન સમાજ કલ્યાણ યોજનાઓના લાભ અને સબસિડીને લાયક લોકોના ખાતામાં સમય પર અને સીધી મોકલવાની છે, જેનાથી પ્રભાવશીલતા અને પારદર્શિતા વધે છે તથા મધ્યસ્થોની ભૂમિકા ઓછી થાય છે. ભારતમાં લગભગ ૪૫૦થી વધારે સ્કીમો અંતર્ગત ગરીબોને લાભ આપવા માટે ડીબીટીનો ઉપયોગ થઈ રહ્યો છે. આંકડા અનુસાર ૨૦૧૩-૧૪થી અત્યાર સુધી ડીબીટી દ્વારા લગભગ ૨૪.૮ લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ લાભાન્વિતો સુધી પહોંચાડવામાં આવી છે, જેમાં ૬.૩ લાખ કરોડ રૂપિયાના લાભ ફક્ત ૨૦૨૧-૨૨માં જ પહોંચાડવામાં આવ્યા છે. ૨૦૨૧-૨૨ના આંકડા અનુસાર સરેરાશ ૯૦ લાખથી વધુ ડીબીટી ચૂકવણી દરરોજ થાય છે. એ વાત પણ મહત્ત્વપૂર્ણ છે કે દેશમાં સૌથી વધારે સરકારી સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ છે. પહેલાં બેંક, ગેસ, સ્કૂલ, ટોલ, રાશન દરેક જગ્યાએ લાઈનો લાગતી હતી, પરંતુ હવે એવું નથી. નિશ્ચિત રૂપે દેશમાં સરકાર દ્વારા આમ આદમીને લાભાન્વિત કરવા માટે શરૂ કરવામાં આવેલ કેટલીય ડિજિટલ યોજનાઓ સારાં પરિણામ આપી રહી છે.*

બની જાય!!
લીમડાનું ઝાડ,
વડલાનું ઝાડ,
પોપટ, કાગડા,ચકલી,કાબર,લેલાનું,
આશિયાનું બને છે.
સૌ લડ્યા વગર,
સૌ ઝગડયા વગર,
મોજથી રહે છે.
અલગ પ્રકારનો,
કલરવ,
કલબલાટ,
કેકારવ છે!!!
કેમ કે,
ત્યાં ચૂંટણી નથી,
ખુરશી નથી,
વિકાસની ગ્રાંટ નથી,
ભ્રષ્ટાચારની મલાઇ નથી.
ઝાડ પર કોઇ કોઇને,
ટુકડે ટુકડે ગેંગ કહેતા નથી.
વિરોધીને રાષ્ટ્રદ્રોહી કહેતા નથી.
એંશી-વીસની વાત કરતા નથી,
ઘેર પરિવારવાદવી વાત કરતા નથી,
હિટલર,જિન્ના,ડીએનએની વાત ઉછળતી નથી.
કાશ!!!
ભારત વર્ષ,
લીમડા કે વડલાનું ઝાડ બની જાય!!
ભરત વૈષ્ણવ
૦૬.૧૧.૨૦૨૨.# કવિતા

# કોઇ પથ્થરસે ન મારો આયારામ-ગયારામકો!!!

રાજુ રદી બહુ જ સેન્સેટીવ છે. વારંવાર ગુસ્સે થઇ જાય છે. ગુસ્સો તેના નાકના ટોચકે બેઠો હોય છે. સિધ્ધાંતોના બળદના પૂંછડા આમળે રાખે છે.ટુકમાં રાજુ રદી સ્કેવર લેગ ઇન સર્કલ છે!! રોંગ મેન ઇન વર્કર્સ પેરેડાઇઝ છે.

" આ દેશનું શું થવા બેઠું છે?" રાજુનો આ તકિયા કલામ છે.

"રાજુ . શું થયું ? બધું બરાબર છે? આટલી ઠંડીમાં તું શા માટે ઉકળે છે?"એમ કહી મેં રાજુને ચાનો કપ ધર્યો.

"ગિરધરભાઇ.તમે જોયું કેટલાક લોકો આપણી ભવ્ય અને ભાતીગળ સંસ્કૃતિને નેસ્તનાબૂદ કરવા પર ઉતરી આવ્યા છે. આ એક મોટું આતતાયી આક્રમણ છે. આ બધું કેમ ચલાવી લેવાય?" રાજુ વધુ ઉકળ્યો.જો કે,ચા પીધા પછી થોડી ગરમી વધે પણ ખરી!!

"રાજુ. વેલેન્ટાઇન ડે નજીક આવે અને સંસ્કૃતિના રક્ષકો ભૂરાયા થઇ ઉત્પાત મચાવે તેમ તું પણ મોરલ પોલિશિંગ પર ઉતરી આવ્યો કે શું?" મેં રાજુને પૂછયું.

"ગિરધરભાઇ. હું વેલેન્ટાઇન ડે નો વિરોધી નથી. હું સો રેડ રોઝ લઇને બધાને પ્રપોઝ કરૂં છું પણ ક્યાંય મેળ પડતો નથી." આમ કહી રાજુએ ડુસ્કું ભર્યું . મેં તેનો ખંભો પંપાળી આશ્વાસન આપ્યું.

"રાજુ. લાખો નિરાશામાં એક અમર આશા છુપાયેલી છે. એવરી કલાઉડ હેઝ સિલ્વર લાઇન" મેં રાજુને હિંમત બંધાવી.

"હમમમ" મોટા માણસ જેમ રાજુએ ડોકું ધુણાવ્યું.

"રાજુ. દેશમાં માત્ર ને માત્ર નેતા લોગ અંતરાત્માના અવાજને અનુસરે છે. આજે અંતરાત્માના અવાજને અનુસરીને ક પક્ષમાં હોય. અંતરાત્મા ત્રીજી કલાકે ખ પક્ષમાં જોડાવાનો આદેશ આપે તો બિચારો નેતા શું કરે? પછી બાર કલાકે પાછો આદેશ આપે તો બિચારો નેતા મરે.આપણે ત્યાં પક્ષપલ્ટાની ઉજળી શાનદાર પરંપરા રહી છે.આપણને આ કલ્પસૂત્ર સમાન વિચારધારાએ આયારામ ગયારામ જેવા ક્રાંતિકારી શબ્દની ભેટ આપી છે.

જેમ કોરાના વાઇરસનું ઉત્પત્તિ કેન્દ્ર વુહાન હતું એમ આયારામ ગયારામનું ઉત્પતિ કેન્દ્ર ભારતનું રાજકારણ છે.ગુજરાતનો હજુરીયા -ખજુરીયા કાંડ પણ પક્ષપલ્ટાના વાઇરસનો એક ભાગ છે.

આયારામ ગયારામ વાઇરસ રાજકારણમાં કોરોના છે તો હજુરીયા ખજુરીયા રાજકારણનો ઓમિક્રોન છે.ભજનલાલ , ચિમનલાલ, શંકરલાલ આ માળાનાં મોટા મણકા છે. - હરિયાણાના ગયારામે માત્ર નવ કલાકમાં બેવાર પક્ષ પલ્ટો કર્યો હતો હીરાનંદ આર્યએ નવ મહિનામાં પાંચ વાર પક્ષ પલટો કર્યો હતો ."મેં રાજુને પક્ષપલ્ટાની ગૌરવાન્વિત ઘટનાઓ પક્ષપલ્ટાના જ્યોતિર્ધર , પક્ષધરો અને શિલ્પી વિશે સ્તુત્ય વાત કરી.

" ગિરધરભાઇ.આપણા પક્ષપલ્ટુ હીરો આત્મસન્માન, આત્મગૌરવને ઠેસ પહોંચે કે વિસ્તારના સમર્થકો દેશ ખાતર બલિદાન આપવાની હાકલ કરે ત્યારે ને ત્યારે જ અંતરાત્માના અવાજને અનુસરીને પોતાના પક્ષની વંડી કૂદીને બીજા પક્ષમાં લાંબો કે ટુંકો કૂદકો લગાવે છે. તે સમયે તેના મનમાં રૂપિયા, ચૂંટણીની ટિકિટ, મંત્રીપદ, પેટ્રોલપંપ કે ગેસની એજન્સી, બોર્ડ- કોર્પોરેશનનું ચેરમેનપદ કે એવી સ્થુળ, તુચ્છ કે નગણ્ય લાલચ,કુંઠા, આસક્તિ વ્યાપેલી હોતી નથી. મીરાની માફક કહે છે મેરો તો પક્ષપલ્ટો ગિરિધર દૂસરો ન કોઇ. આના કારણે સામાવાળાનું માન જળવાઇ તેમ જ લક્ષ્મીનું અપમાન ન થાય તે માટે શરૂઆતમાં ચણામમરા જેવી રકમ

૨૦,૦૦૦ રૂપિયામાં મને કમને સ્વીકારતા હતા. ઓક્ટોબર-નવેમ્બર-૧૯૬૭ની વાત છે કે જ્યારે એમએલએના ભાવ જાહેરમાં બોલાતા હતા. ત્યારનો સમય હોર્સ ટ્રેડીંગની શરૂઆતનો હતો.કહે છે કે હરિયાણાના રાજકારણનો આ સૌથી ડાર્ક ફેઝ હતો. આજે એમએલએનો ભાવ આસમાને છે જેમાં ગરજ પ્રમાણે વધઘટ થયા કરે છે. તેમજ સત્તા મળે એટલે મલાઇદાર હોદ્દાની ઓફર કરાય છે. કરોડોની ઓફરથી પક્ષને વફાદાર કહેવાતા ભલભલા લલચાઇ જાય છે. લોકોમાં રાજકીય સત્તાનું વળગણ એટલું મોટા પાયે હોય છે કે તે પક્ષપલ્ટાનો મોટો કૂદકો લગાવી દે છે. "રાજુએ કહ્યું.

"રાજુ. જગતના પ્રથમ પક્ષપલટું વિભીષણ હતા. કૌરવપુત્ર સુયોધને મહાભારતના યુધ્ધમાં પાંડવના પક્ષમાં પક્ષપલટો કરેલ હતો.કવિ પ્રીતમે કહ્યું છે કે પક્ષપલ્ટાનો મારગ છે શૂરાનો ,નહીં કાયરનું કામ જોને!!બાલ ગંગાધર તિલક મહારાજ કહ્યું હતું કે પક્ષપલટો મારો જન્મ સિધ્ધ હક છે.તે હુ કરીને જ જંપીશ. બાપુએ કહ્યું છે કે કાગડા કૂતરાના મોતે મરીશ પણ પક્ષપલ્ટો કર્યા સિવાય નહીં હટું. કવિ નર્મદે પણ કહ્યું છે કે પક્ષપલ્ટાનું ડગલું ભર્યું તે પીછે ના હટું તે ના હટું. ભગવદ ગીતામાં લખ્યું છે કે સ્વધર્મે નિધનમ શ્રેય : પર ધર્મે ભયાવહઃ આનો મતલબ એવો નથી કે સામેની પાર્ટીના માણસની પતરાળીમાં સતત સુગંધીદાર સ્વાદિષ્ટ વાનગી પીરસાતી હોય અને તમારી થાળીમાં પચ્ચીસ વરસથી પાણી પણ પીરસાતું ન હોય તો ભૂખ્યો માણસ પાટલી ન બદલે તો શું કરે?મેં રાજુને કહ્યું

" ગિરધરભાઇ.દેશમાં કેટલાક લોકો અરાજકતા ફેલાવવાનું ષડયંત્ર કરી રહ્યા છે. એક પક્ષના લોકો ચૂંટણીમાં જેમને ટિકિટ ફાળવી છે તેને મંદિર, મસ્જિદ, ચર્ચ અગિયારી ,સિનેગોંગમાં લઇ દઇ ચૂંટાઇ આવે તો પાંચ વરસ સુધી પક્ષને વફાદાર રહેશે તેવા સોંગદ લેવડાવી લઇ રહ્યા છે. તેનો વાંધો નથી. પણ બેબસ, લાચાર, અસહાય ઉમેદવારોને કોઇ પણ સંજોગોમાં પક્ષપલટો નહીં કરે તેવા સોગંદ લેવડાવી રહ્યા છે!! કેવો જુલમ કરી રહ્યા છે. કીડીને કોસનો ડામ દઇ રહ્યા છે!! આ અન્યાય કીડી પર કટક છે!!" રાજુએ કહ્યું.

પક્ષપલ્ટો કરનાર મજનું છે,રોમિયો છે, મહિવાલ છે, ફરિયાદ છે. પારેવાં છે. પક્ષપલટાની ચણ ચણવા દો.

કોઇ પથ્થરસે ન મારો મેરે આયારામ-ગયારામકો!!

ભરત વૈષ્ણવ
૦૬.૧૧.૨૦૨૨.#
હાસ્યલેખ

### તિરુમાલા મંદિર ટ્રસ્ટ પાસે રૂ ૨.૨૬ લાખ કરોડની જંગી સંપત્તિ

# ૨ લાખ કરોડના માર્કેટભાવની દેશભરમાં ૭,૧૨૩ એકર જમીન મંદિર ટ્રસ્ટ શ્વેતપત્ર જારી કર્યું

તિરુપતિ,તા.૬

હિન્દુ મંદિરોના વિશ્વના સૌથી મોટા ટ્રસ્ટ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમની સંપત્તિ આશરે રૂ. ૨.૨૬ લાખ કરોડ છે. આ ટ્રસ્ટ તિરુમાલા ખાતેના પ્રતિષ્ઠિત ભગવાન વેંકટેશ્વર મંદિર અને દેશભરમાં આશરે પાંચ ડઝન અન્ય મંદિરોનું સંચાલન કરે છે.ભગવાન વેંકટેશ્વર વિશ્વના સૌથી ધનિક હિન્દુ દેવતા પણ છે. ૧૯૩૩માં બ્રિટિશ સરકારે સ્થાપેલું તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ હવે દેશનું એક સૌથી વધુ પ્રોફેશનલ મંદિર ટ્રસ્ટો તરીકે ઉભર્યું છે.



ટ્રસ્ટના રોકાણ અને થાપણો પર શ્વેતપત્ર બહાર પાડ્યા પછી તેના એક્ઝિક્યુટિવ ઓફિસર એ વી ધર્મા રેડ્ડીએ જણાવ્યું હતું કે મંદિર ટ્રસ્ટની કુલ સંપત્તિ આશરે રૂ.૨.૨૬ લાખ કરોડ થઈ છે. ૨૦૧૯માં વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ફિક્સ્ડ ડિપોઝિટના સ્વરૂપમાં્ ઢનું રોકાણ રૂ.૧૩,૦૨૫ કરોડ હતું. કોવિડ-૧૯ રોગચાળાના પડકારો છતાં આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં બેક્ર એફડીમાં ટ્રસ્ટનું રોકાણ વધી રૂ. ૧૫,૯૩૮ કરોડ થયું છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમે તમામ અવરોધો સામે બેંક એફડીમાં અમારા રોકાણમાં રૂ.૨,૯૦૦ કરોડનો વધારો કરી શક્યા છીએ.'

ધર્મા રેડ્ડીએ જણાવ્યું હતું કે 'મને હજુ પણ યાદ છે કે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન કેટલાક સ્થાપિત હિતોએ્ ઢની નાણાકીય સુદ્ધરતા પર સવાલ ઉઠાવ્યા હતા અને જણાવતા હતા કે મંદિર ટ્રસ્ટ ફિક્સ ડિપોઝિટ તોડ્યા વિના કર્મચારીઓના પગાર ચૂકવી શકશે નહીં. પરંતુ આજે અમે આરામથી પગાર ચૂકવ્યા પછી અને અમારા તમામ ખર્ચને પહોંચી વળ્યા પછી એફડીમાં રૂ.૨૯,૦૦ કરોડનો વધારો કરી શક્યા છે, જે ટીટીડીની નાણાકીય કુનેહ દર્શાવે છે.'

બીજી તરફ મંદિર ટ્રસ્ટને ખાસ કરીને છેલ્લા ત્રણ વર્ષમાં ભક્તો તરફથી નોંધપાત્ર સોનાનું દાન મળતું રહ્યું છે. આજે કેન્દ્રની ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમમાં ટીટીડીની એકંદર સોનાની થાપણો ૧૦.૨૫ ટન છે. ૨૦૧૯માં્ ઢ પાસે માત્ર ૭.૩ ટન સોનાની થાપણો હતી અને મંદિર ટ્રસ્ટ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમમાં વધુ ૨.૯ ટન કિંમતી ધાતુનો ઉમેરો કરી શક્યું છે. વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ટીટીડીની સોનાની થાપણોનું કુલ મૂલ્ય આશરે રૂ.૫,૩૦૯ કરોડ છે. મંદિર ટ્રસ્ટને અત્યાર સુધી વ્યક્તિગત દાતાઓ પાસેથી જમીન દાનમાં મળતી હતી, પરંતુ હવે વિવિધ રાજ્ય સરકારો પણ ભગવાન વેંકટેશ્વર મંદિરોના નિર્માણ માટે પણ મૂલ્યવાન જમીનની ફાળવણી કરી રહી છે.

આજે ટીટીડી પાસે દેશભરમાં ૭,૧૨૩ એકર જમીન પણ છે. ટીટીડીની પ્રોપર્ટીનું સબ-રજિસ્ટ્રાર મૂલ્ય રૂ. ૮૫,૭૦૫ કરોડ આંકવામાં આવ્યું છે, પરંતુ તેનું બજાર મૂલ્ય રૂ.૨ લાખ કરોડથી વધુ હોવાનો અંદાજ છે. તિરુમાલા અને તિરુપતીમાં ગેસ્ટ હાઉસ, કોટેજ, યાત્રાળુ સુવિધાઓ સંકુલ અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના રૂપમાં બિલ્ડિંગો અને બીજી ફિક્સ્ડ એસેટનુ મૂલ્ય અંદાજે રૂ.૫,૦૦૦ છે.

# અલીગઢઃ જામફળની ચોરીના આરોપમાં દલિત વ્યક્તિની હત્યા

અલીગઢ,તા.૬

ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લામાં એક નવી આતંકી ઘટના સામે આવી છે. જ્યાં એક દલિત યુવકને માત્ર એક જામફળ ચોરીના આરોપમાં ઢોર માર મારવામાં આવ્યો હતો.

શનિવારે ગંગરી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના માનેના ગામમાં એક ૨૫ વર્ષીય દલિત વ્યક્તિને કથિત રીતે એક બગીચામાંથી જામફળની ચોરી કરવાના આરોપમાં માર મારવામાં આવ્યો હતો.

પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ હત્યાનો કેસ નોંધ્યો છે અને જીઝ/જી્ એક્ટની સંબંધિત કલમો લગાવી છે. નાયબ પોલીસ અધિક્ષક અભય પાંડેએ જણાવ્યું કે, બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

બદમાશોની મારપીટનો ભોગ બનેલા ઓમપ્રકાશના ભાઈ સત્યપ્રકાશે જણાવ્યું કે, મારો ભાઈ જંગલમાં શૌચ કરવા ગયો હતો અને ઘરે પરત ફરતી વખતે તેણે બગીચામાં જમીન પરથી એક જામફળ ઉપાડ્યું હતું. તેના હાથમાં જામફળ જોઈને બગીચાના માલિક ભીમસેન અને બનવારી સહિત કેટલાક સ્થાનિક લોકોએ તેને લાકડીઓ અને અન્ય ભારે વસ્તુઓથી બેરહેમીથી ત્યાં સુધી માર માર્યો જ્યાં સુધી તે બેભાન થઈ ગયો. તેના શરીર પર અસંખ્ય નિશાન હતા.

પોલીસે જણાવ્યું કે, ઓમપ્રકાશ જમીન પર બેભાન અવસ્થામાં પડેલો જોવા મળ્યો હતો. તેઓ તેને જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં તેનું મૃત્યુ થઈ ગયું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે, બગીચાના માલિકે ગાર્ડન કેટલાક લોકોને ગાર્ડિંગ માટે આપી દીધો હતો.

જ્યારે બગીચાના રખવાળાઓએ શૌચ કરીને પસાર થતા યુવકના હાથમાં જામફળ જોયુ તો તેઓ ગુસ્સે થઈ ગયા. માત્ર એક જામફળ માટે તેઓએ યુવકને એટલો માર માર્યો કે તેનું મૃત્યુ થઈ ગયું.

# જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો પાછો આપવા પર વિચાર કરી રહી છે મોદી સરકારઃ નાણામંત્રી નિર્મલા સીતારમણ

તિરુવનંતપુરમ,તા.૬

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે શનિવારે સંકેત આપ્યો હતો કે કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા પર વિચાર કરી શકે છે.

૧૪મા નાણાપંચની ભલામણો અનુસાર કેન્દ્ર દ્વારા રાજ્યોને ભંડોળના વિતરણ વિશે માહિતી આપતી વખતે સીતારમણે આ સંકેત આપ્યો હતો. અહીં કેન્દ્ર-રાજ્ય સંબંધો પર પ્રવચન આપતાં, સીતારામને કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪-૧૫માં ૧૪મા નાણાં પંચની ભલામણને સ્વીકારી હતી કે રાજ્યોએ તમામ ટેક્સના ૪૨ ટકા ચૂકવવા જોઈએ.

નાણામંત્રીએ કહ્યું, 'તે નાણાં પંચે કહ્યું હતું કે હવે તમે તેને વધારીને ૪૨ ટકા કરો. એટલે કે કેન્દ્રના હાથમાં પૈસા ઓછા હશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાણાપંચની ભલામણને બિલકુલ ખચકાટ વિના સ્વીકારી લીધી અને તેથી જ આજે રાજ્યોને ૪૨ ટકા ભંડોળ મળે છે. જમ્મુ-કાશ્મીરને ૪૧ ટકા પૈસા મળે છે કારણ કે તે રાજ્ય નથી. સંભવતઃ ટૂંક સમયમાં તેનો રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી દીધી હતી. જે બાદ જમ્મુ-કાશ્મીરને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ત્યારે સરકારે લદ્દાખને જમ્મુ-કાશ્મીરથી અલગ કરીને અલગ કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપ્યો હતો.

ત્યારે ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે યોગ્ય સમયે રાજ્યને ચોક્કસપણે જમ્મુ-કાશ્મીરનો દરજ્જો આપવામાં આવશે. હાલમાં નાણા મંત્રીનિર્મલા સીતારમણનિવેદન બાદ અટકળોનો ચાલી રહી છે. હવે જોવાનું એ રહે છે કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવા અંગે કેન્દ્ર સરકાર શું વિચારે છે.

# દિવાળીનાં સાત દિવસમાં દીવમાં પ્રવાસીઓ એક કરોડથી વધુનો દારૂ ગટગટાવી ગયા

દીવ,તા.૬

દિવાળીની રજાઓમાં મોટી સંખ્યામાં લોકો દીવ આવ્યા હતા. કોરોનાકાળનાં બે વર્ષ બાદ ટેન્શન ફ્રી રજાઓ માણવા માટે લોકો દિવ ગયા હતા. અહીં દસ દિવસ દરમિયાન પ્રવાસીઓની ભારે અવરજવર રહી હતી. માહિતી પ્રમાણે, દિવાળીના સમયમાં દીવમાં એક કરોડ પાંચ લાખ રૂપિયાનો દારૂ ગટગટાવી ગયા.

ગુજરાતમાં દારૂબંધી છે જયારે દીવ કેન્દ્ર શાસિત પ્રદેશ હોવાથી શરાબ સેવન અને વેચાણની છૂટ છે. રજાઓ આવે ત્યારે ત્યારે મોટી સંખ્યામાં સહેલાણીઓ દારૂ પીવા માટે દીવમાં પહોંચી જાય છે. દીવમાં ૯૫ શરાબ વિક્રેતાઓ પાસે લાયસન્સ છે. અહીં તહેવારોની રજા પહેલા જ બીયર, ફોરેન લીકર અને વિવિધ બ્રાન્ડના શરાબોનો જથ્થો એકત્ર કરી લેવામાં આવે છે.નોંધનીય છે કે, દિવાળીના વેકેશન સાથે રાજયના પ્રવાસન સ્થળોએ ભારે ભીડ જોવા મળે છે. ખાસ કરીને દ્વારકા, અંબાજી, સોમનાથ, દીવ, દમણ, માઉન્ટ આબુ અને કચ્છમાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે. કચ્છમાં સફેદ રણમાં અને માંડવીનો બીચ, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર અને લખપત ખાતે પણ પ્રવાસીઓની ભીડ જોવા મળે છે.

### કાશી સ્ટેશનની કાયાકલ્પ કરવામાં આવશે,મંદિરોની સંસ્કૃતિને ધ્યાનમાં રાખી ડિજાઇન તૈયાર કરાશે : અશ્વની વૈષ્ણવ

લખનૌ,તા.૬

ભાજપ નેતા અને રેલમંત્રી અશ્વની વૈષ્ણવે કહ્યું છે કે ધાર્મિક નજરથી મહત્વપૂર્ણ કાશી રેલવે સ્ટેશનનું રિડેવલપમેન્ટ કરવામાં આવશે.તેમણે કહ્યું કે તેની ડિજાઇન કાશીના ધાર્મિક અને મંદિરોની સંસ્કૃતિને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવશે.રેલ મંત્રીએ કહ્યું કે ૩૫૦ કરોડ રૂપિયાના ખર્ચે સ્ટેશનનું રિડેવલપમેન્ટ કરવાથી નાણાંકીય ગતિવિધિઓને પણ પ્રોત્સાહન મળશે.વૈષ્ણવે પોતાના વારાણસી પ્રવાસના બીજા દિવસે કાંશી સ્ટેશન અને રાજઘાટ પુલની સમીક્ષા કરી હતી.રેલમંત્રીએ કહ્યું કે સ્ટેશનની ડિજાઇન કાશીના ધાર્મિક અને મંદિરોની સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે તેમણે કહ્યું કે કાશી સ્ટેશનને વોટર અને એયર રૂટથી જોડ.વાની પણ તૈયારી છે.તેની ડિજાઇન પર કામ ચાલી રહ્યું છે ડિજાઇન નક્કી થયા બાદ વડાપ્રધાનથી મંજુરી લઇ કામ શરૂ કરવામાં આવશે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ઇનલેંડ વોટર વે પીએમ નરેન્દ્ર મોદીની સંકલ્પના છે.

# વર્કપ્લેસ પર યૌનશોષણઃનોકરિયાત મહિલાઓ માટે ગુજરાત, દિલ્હી, પંજાબ સૌથી અસુરક્ષિત

નવીદિલ્હી,તા.૬

દેશમાં નોકરી કરતી મહિલાઓમાં વર્કપ્લેસ પર શોષણમાં દેશની રાજધાની દિલ્હી જ સૌથી ઉપર છે. અહીં ઓગસ્ટ ૨૦૨૨ સુધી કુલ ૧૧.૨ લાખ મહિલા ફરિયાદ નોંધાવી ચૂકી છે. આ યાદીમાં પંજાબ ૧૦.૫૩ લાખ ફરિયાદ સાથે બીજા અને ગુજરાત દસ લાખ ફરિયાદ સાથે ત્રીજા ક્રમે છે. મહિલા અને બાળવિકાસ મંત્રાલયના રિપોર્ટમાં આ આંકડા સામે આવ્યા છે.દેશનાં વિવિધ રાજયમાં વર્કપ્લેસ પર યૌનશોષણની અત્યાર સુધી ૭૦.૧૭ લાખ ફરિયાદ મળી ચૂકી છે, જેમાંથી ૩૧.૧૭ લાખ એટલે કે આશરે ૪૫% ફરિયાદ ગુજરાત, દિલ્હી અને પંજાબમાં મળી છે. બીજી તરફ, કેટલાંક એવાં પણ રાજ્ય છે જ્યાં ના બરાબર કે કોઈ ફરિયાદ નથી. તેમાં લક્ષદ્વીપ, પુડુચેરી, સિક્કિમ, ત્રિપુરા અને દાદરા નગર હવેલી સામેલ છે.નોંધનીય છે કે, દેશમાં મહિલાઓ પર નોકરીના સ્થળે શાબ્દિક કે શારીરિક ફરિયાદો થાય છે તે અંગે અનેકવાર ફરિયાદો થાય છે. આ માટે મોટી કંપનીઓએ મહિલાઓની ફરિયાદ માટે વિભાગ બનાવવો પણ જરૂરી છે. આમ છતાં, છેલ્લાં કેટલાક વર્ષોમાં મહિલાઓની નોકરીના સ્થળે સતામણીની ફરિયાદોમાં સતત વધારો થઇ રહ્યો છે.ડેટા એનાલિસિસ ફર્મ પ્રમાણે, બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સની કંપનીઓમાં વર્ષ ૨૦૨૦-૨૧ની તુલનામાં ૨૦૨૧-૨૨માં વર્કપ્લેસ પર યૌનશોષણ સંબંધિત ફરિયાદ ૫૯૫થી વધીને ૭૫૯ થઇ ગઇ છે. ૨૦૧૯-૨૦માં મી-ટૂ કેમ્પેઇનમાં આ ફરિયાદોની સંખ્યા ૯૯૯ સુધી પહોંચી હતી.વર્કપ્લેસ પર યૌનશોષણને લઈને આ વર્ષે મેમાં આવેલા એક વાર્ષિક અહેવાલ પ્રમાણે, નોકરી કરતી ૫૦%થી વધુ મહિલાઓએ ઓછામાં ઓછો એકવાર વર્કપ્લેસ પર યૌનશોષણનો સામનો કર્યો છે, પરંતુ તેમાંથી ૫૫%એ ક્યારેય ફરિયાદ કરવાની હિંમત સુદ્ધાં નથી કરી.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







**Nog ss no106**
**NOG-સાહિત્યસરિતા-ગ્રુપ**
વિષય "પાનખર ખરતાં ફૂલ"
પ્રકાર:-પદ્ય
શીર્ષક:-"મેંતો મહાલી"
શબ્દ:-૧૫૦

કોને ખબર? હું તો જોતી'તી રાહ..
મારી લીલાશ સૌને ગમે?
હું તો .. સવારની જાકળનાં મોતીબિંદુ સાથે.
ઝળકી! ઝૂકી!
ખુશ ખુશાલ હું --ભૂરી,
બાકી,
લીલો જવાનીનો રંગ લાગ્યો!
રંગ લાગ્યો તે એવો કે
શાન/ભાનભૂલી..
લાલિમા સવારની ને
સલૂણી સાંજના સોનેરી કિરણોમાં મહાલતી.
કોને ખબર?
મારે ક્યાંરે જઈ પડવાનું?!
પત્થરના ઈશ્વરના ચરણે?!
કે
મૃતદેહના નિર્જીવ દેહ
પર રે??
હાં રે હું તો ખીલું ખિલખિલાટ એવું.
બસ ખરતાં તો ખરું!!
એ ધરતી પર પીળી ચાદર
સોનાની!!
એજ મારી યાદ ..
સોનેરી સોનાની જેમ
માણો..
મેં તો માણી...
મને તો બસ .
જીવવું છે માણવું છે!!
હસવું છે! ખીલવું છે..
ખીલું છું ,ખુશ છું..
મારી લીલાશ,મેં તો માણી..
સોનેરી સોણલાંના જેવી
ખરતી'તી પીળી પીળી..

મુક્તિદા કુમાર
"મનચલી"
મુંબઈ-મહારાષ્ટ્ર.

---

**[*NOG SS No* : *0110***
પ્રકાર : ગદ્ય- લઘુવાર્તા
વિષય : પાનખરે ખરતાં પાન
શબ્દો : ૩૪૩
શીર્ષક :'પાનખરનો વૈભવ'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

રશ્મિકાંત આજે ૬૦ વર્ષની ઉંમરનો પડાવ વટાવી ચૂક્યા છે, છતાં તેમનો જુસ્સો અને તરવરાટ હજુ અકબંધ છે. પરંતુ ઉંમર ઉંમરનું કામ કરે છે. વિચાર, વાણી અને વર્તનમાં ગતિ મંદ પડતી જાય છે જે સ્વીકારવાની તેમની તૈયારી નથી. પત્ની મેઘનાબેન તેમને ઘણું સમજાવે છે કે હવે તમે પાનખરમાં પ્રવેશ્યા છો. થોડું છોડતા થાવ અને પાનખરને પણ માણતા થાવ. વેપાર ધંધો અત્યાર સુધી જે જુસ્સાથી તમે ચલાવ્યો, તે હવે પુત્ર મિતેનને હવાલે કરી દો. હવે તમે ડ્રાઈવર સીટ ઉપરથી ખસીને બાજુની સીટ ઉપર આવી જાઓ. તેને દિશાનિર્દેશ કરો, માર્ગદર્શન આપો પરંતુ હવે વેપારનું સંચાલન તેને કરવા દો. જુઓ, મિતેનના દિપાલી સાથે લગ્ન પછી ઘરનો વહીવટ અને સંચાલન મેં તેમને સુપ્રત કરી દીધું છે. અને આમ કરવાથી હું પણ ખુશ છું અને તેઓ પણ ખુશ છે.

પરંતુ રશ્મિકાંત જેનું નામ. કશું છોડવા જ તૈયાર નથી. તેમને કોણ સમજાવે કે, પાનખર તો જીવનચક્રનો એક ક્રમ છે. પાનખર છે તો વસંતના ગાણા ગવાય છે. પાનખર આવશે તો જુના પાંદડા ખરશે અને નવી કુંપળો ફૂટશે. નવી કુંપળો ફૂટશે તો વૃક્ષમાં ફરી સૌંદર્ય પુનર્જીવિત થશે. કુદરતનું કરવું અને બન્યું પણ એવું જ. રશ્મિકાંતની તબિયત લથડી. સ્વાસ્થ્યની નાની-મોટી સમસ્યાઓ રોજ ઊભી થવા લાગી. તબીબી સલાહ અનુસાર રશ્મિકાંતે હવે કામનું ભારણ ઓછું કરતાં અને તણાવગ્રસ્ત પરિસ્થિતિથી દૂર રહેતાં શીખવું પડશે.

'વાર્યા ન માને તે હાર્યા માને' કહેવત અનુસાર રશ્મિકાંતે હવે ઓફિસે નિયમિત જવાનું ઓછું કરી દીધું. વેપારધંધાનું સંચાલન પુત્ર મિતેનને સોંપી દીધું. માત્ર દૂરથી તેઓ નજર રાખતા. મિતેન પણ ખૂબ હોંશિયાર અને વેપારી કુનેહ ધરાવતો હતો. પિતા રશ્મિકાંતના સલાહ સુચન સાથે નવી પદ્ધતિઓ અને નવી ટેકનોલોજીની મદદથી વેપારમાં નવા ફેરફારો લાવ્યો. વેપાર જગતમાં તેના આ ફેરફારો લોકોએ આવકાર્યા અને તેનો વેપાર નવી ઊંચાઈઓ આંબવા લાગ્યો. જે રશ્મિકાંતને માત્ર પોતાના ઉપર ગુમાન હતું તેમને હવે પોતાના પુત્ર ઉપર અભિમાન થવા લાગ્યું. હવે તેમને સમજાયું કે પાનખરનો પણ એક અલગ વૈભવ હોય છે. છોડવું એ પણ એક કળા છે. દૂર બેસી વૃક્ષને નવી કુંપળો ફૂટતા નિહાળવી એનો પણ એક અનેરો આનંદ છે. બીજા શબ્દોમાં કહીએ તો પાનખર એ આવનાર વસંતના એંધાણ આપી જાય છે. જીવનના પાનખરનું પણ કંઈક એવું જ છે. જુના પાન ખરે છે અને તેનું સ્થાન નવા પાન અને પુષ્પો લે છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૦૫ નવેમ્બર ૨૦૨૨

---

**NOG SS No/0044**
વિષય:- પાનખરે ખરતાં પાંદડા ફૂલો.
પ્રકાર:- પદ્ય
શબ્દ:- ૨૮
શીર્ષક:- ઝાકળ

ઝીલી ઝાકળ
પાનખરનું પર્ણ
બને જીવંત
પર્ણો ખરતાં
પાનખર ઋતુમાં
વગડો વેરાન.
પાનખરમાં
પાંદડા અને ફૂલો
લેતાં વિદાય.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલીમોરા.

---

**NOG SS No/0055**
વિષય:- પાનખરે ખરતાં પાંદડા ફૂલો.
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- પાનખર

" દાદુ ? આ બધા લીવસ્ (પાંદડા) શા માટે એક સાથે ટ્રીને(વૃક્ષને) લીવ કરતાં (છોડતાં) હશે?" પાંચ વર્ષના તનયે પાંસઠ વર્ષના જયંતીલાલને પૂછ્યું.

તનય વિધુર જયંતીલાલના એકમાત્ર સંતાન વિનયનો પુત્ર. તેના ઉછેર માટે તો તેમણે બીજા લગ્ન નહોતા કર્યા. અને વિનય અમેરિકા ઊડી ગયો હતો. ત્યાં જ ઠરીઠામ થયો હતો. જયંતિલાલ એ પણ હિંમત ન હારી. પોતાના વિશાળ ઘરમાં જ વૃદ્ધાશ્રમ ખોલ્યો. સ્વાર્થ અને પરમાર્થ બંને ભેગા. પોતે પણ સચવાય અને બીજા પણ સચવાય.

" ...... કારણકે વૃક્ષમાં જો જૂના પર્ણ ખરશે, તો જ નવી કુંપણ આવશે. " અનુભવી દાદાએ તાજી કુંપણ જેવા જ પૌત્રની માથે પ્રેમથી હાથ ફેરવતા કહ્યું.

પૂર્વમાં સૂર્ય પણ આ દ્રશ્ય જોવા જાણે ઉતાવળો થયો હોય તેમ વધુ ઊંચો થયો.

શ્રદ્ધા ભટ્ટ....વાપી

---

**NOG SS No : 19**
નામ.. કલ્પનાબેન ત્રિવેદી
ગામ... સુરેન્દ્રનગર
વિષય...પાનખરનું પાંદડું
પ્રકાર...પદ્ય
શીર્ષક..... પીળું પર્ણ
૬/૧૧/૨૦૨૨

પીળું પડીને ખરી ગયું
એ પાનખરનું પાંદડું હતું.
જીવન કેવું એ કહી ગયું
એ પાનખરનું પાંદડું હતું.
ભીની માટીમાં શ્વસતું એ
આજે એકદમ રંગ છોડી ગયું.
કેમ એ રંગ ન બદલે?
કેમ એ જાત ન બદલે?
જોઈને દુનિયાનાં રંગ ,
શુષ્ક થતું, કેવું આજે ખરી ગયું.
એ પાનખરનું પાન...

કલ્પના બેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

અસ્તિત્વની ખોજ



તારા અસ્તિત્વની ખોજમાં તને શોધ્યા કરું,
હૈયાનાં ઝરૂખે શોભે તોય બહાર ખોજ્યા કરું.
કર્મેન્દ્રિય,જ્ઞાનેન્દ્રિય,મનથી પામવા મથ્યા કરું,
સત્ય,અવિનાશી,નિરાકાર બ્રહ્મને પ્રાર્થ્યા કરું.
તારા આધારે જગત ટકી રહ્યું એ વિચાર્યા કરું,
સૂર્ય,ચંદ્ર,ઉદ્યાનનાં ફૂલોમાં તને નીહાળ્યા કરું.
ઝરણાંનાં ધીમા સંગીતમાં તને સાંભળ્યા કરું,
પાક પર લહેરાતાં મંદમંદ અનિલને સ્પર્શ્યા કરું.
સ્થૂળ ચલાચલ પદાર્થોમાં તને નીરખ્યા કરું,
વસ્યો ભીતર આત્મામાં તોય કેમ ભુલ્યા કરું?
સંજય પ્રજાપતિ 'સંતૃપ્ત' (મુન્દ્રા કચ્છ)

---



કહો એને જરા કે આજે ન આવે,
હૃદયને દ્વાર કોઈ કાજે ન આવે.
ફરે જગ આખું છો, એને ક્યાં મનાં છે!
ગમે ત્યાં હો મગર મુજ યાદે ન આવે.
કદી સપને, ન ખ્વાબે, કોઈ બહાને,
મિલનનાં કોઈ પણ ઈરાદે ન આવે.
હૃદયથી કર દુઆ કે જાતે ન આવે,
બને તો સ્મરણોની સાથે ન આવે.
ફરી દિલ ક્યાંક આપી ના બેસું એને,
નજરથી એ નજરની સામે ન આવે.
વેગડા અંજના એ.(પાલીતાણા )

---

કશુપણ નથી થયું પણ દિલમાં દુ:ખે છે
મનડું મારુ સુખ ઝંખે છે
કોઈતો કહો કોઈતો બતાવો શું કરું હું મનડું મારુ સુખ ઝંખે છે
તનડા ને મન સાથે મેળ નથી કોઈ
મનડું મારુ સુખ ઝંખે છે



જીવતરના ઝરમર ગાયા છે બહુજ
મનડું મારુ સુખ ઝંખે છે
સુખ ના સમંદર પાર કરી દઈશ હું
મનડું મારુ સુખ ઝંખે છે
કોઈ રીત બતાવો કોઈ ઉપાય બતાવો
મનડું મારુ સુખ ઝંખે છે
તમને તરવાનું મનથાય તોશું તમે કરો
મનડું મારુ સુખ ઝંખે છે
ડૂબવાનું આમ કોને રે ગમશે કહો
મનડું મારુ સુખ ઝંખે છે
અશોકકુમાર શાહ 'પરાગરજ' (મુંબઈ )


---



દેખાય છે જેવું બધું,એવું નથી હોતું,
અંતર મહીં જે 'દ્રશ્ય' છે શમણું નથી હોતું..!
જો સત્ય ને છે જાણવું તું બોલ આઈના,
વરતાય છે તારા થકી સાચું નથી હોતું..!
'મીરાં' હશે શું એ બધાં ઈશ્વર તને પામ્યાં ?
સોચ્યા કરું કે 'ઝેર' પણ સસ્તું નથી હોતું..!
જો 'પ્રેમ' થી તું પ્રાપ્ય છે તો એ નથી મુજમાં,
આ પ્રેમ નું જે 'શાસ્ત્ર' છે સ્હેલું નથી હોતું..!
તું વ્યાપ્ત છે કણ-કણ મહીં એ સત્ય માનું છું,
બંધન બને જે 'સ્નેહ' નું નબળું નથી હોતું..!
હિમાંશુ પટેલ 'અદ્વૈત' (અમદાવાદ)


---

મારી નનામી



જિંદગીમાં કોઈને બે મિનિટ
પાસે બેસવાનો સમય નોતો.
અને આજે બધા જ મારી બાજુમાં ચૂપચાપ બેઠા છે.
આજ સુધી કોઈ એ
આપ્યા નહોતા ગુલદસ્તા,
અને આજે ફૂલો ના ઢગલા ના ઢગલા થઈ રહ્યા છે.
તરસી રહ્યો તો કોઈકના એક હાથ અને સાથ માટે,
આજે કાંધ ઉપર કાંધ લોકો આપી રહ્યા છે.
મારી સાથે બે પગલાં ચાલવા કોઈ તૈયાર નહોતું,
અને આજે માણસોના ટોળે ટોળા મારી પાછળ ચાલે છે.
આજે ખબર પડી કે મોત કેટલું હસીન હોય છે,
કમ્બખ્ત અમે આમ જ જિંદગી જીવી રહ્યા હતા.
ઘનશ્યામ વ્યાસ 'શ્યામ' (હાલ અમેરિકા )

---



'ક ' કો એક ઘૂંટોને આખી બારાક્ષરી નીકળે;
સાવ તદ્દન ખોટી જ વાત પણ ખરી નીકળે!
કેવી દયાની તાસીર રહી છે, આ ભૂમિની;
વાવો એક કણને હજારો કણની હાજરી નીકળે!
બહારથી સાવ રંગ રંગીલો દેખાતો;
માણસ પણ ભીતરથી તો અલગારી નીકળે!
ઉપરથી જૂઓ તો સાવ બૂઝાયેલી હોય છે;
સંતની એ ધૂણીમાં અંદરથી ચિનગારી નીકળે!
જો અલખનો નાદ ને કેદારો સંભળાય ;
તો ' રાજશી ' નક્કી એ ગિરનારી નીકળે!
રાજશી બારિયા (જય દ્વારકાધીશ)

---

## કોંગ્રેસના વધતા જનાધારથી મોદી સરકાર ગભરાઈ, રાહુલનું મનોબળ તોડવાનો પ્રયાસ : ઝારખંડ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ

મેદિનીનગર,તા.૬

કોંગ્રેસે ભાજપ પર હુમલો કરતા કહ્યું હતું કે ભાજપ કોંગ્રેસ પાર્ટીના વધતા જનાધારથી ગભરાઇ ગઇ છે. કોંગ્રેસના ઝારખંડ એકમના અધ્યક્ષ રાજેશ ઠુકારે કહ્યું કે ભાજપના નેતૃત્વવાળી સરકાર (કોંગ્રેસ)ના વધતા જનાધારથી ગભરાઇ ગઇ છે અને પાર્ટી નેતા રાહુલ ગાંધીના મનોબળને તોડવાનો પ્રયાસ કરી રહી છે.

જેમાં તે કયારેય સફળ થશે નહીં.મેદિનીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં ઠાકુરે કહ્યું કે તે ભારત જોડો યાત્રાના સમર્થનમાં ઝારખંડના ગામોમાં પોતાની



પધ્ધતિથી પદયાત્રા કરી રહ્યાં છે અને આ દરમિયાન યાત્રાના સંયોજક સુબોધકાંત સહાય પણ તેમની સાથે છે.પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષે આરોપ લગાવ્યો કે મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી જેવા ઉદ્યોગપતિઓને જાહેર એકમો એકમો સસ્તા ભાવે વેચવામાં આવી રહ્યાં છે જેથી ચુંટણી રાજનીતિમાં તેમને ફંડના રૂપમાં મોટી રકમ લઇ વિરોધ પક્ષોને પરાજીત કરી શકાય એક સવાલના જવાબમાં કોંગ્રેસ નેતાએ કહ્યું કે ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચો અને કોંગ્રેસના ગઠબંધનમાં તિરાડ અને ફુટ પાડવાના કેન્દ્ર સરકારના પ્રયાસો કયારેય સફળ થશે નહીં ભાજપ તપાસ એજન્સીઓના સહારે પ્રદેશમાં અસ્થિરતા પેદા કરવાનો પ્રયાસ કરી રહી છે પરંતુ તેમાં તેને સફળતા મળશે નહીં.કોંગ્રેસ નેતાએ કહ્યું કે ઝારખંડમાં સાંપ્રદાયિક શક્તિઓની ઈચ્છા કયારેય પુરી થશે નહીં કોંગ્રેસ ઝામુમો સરકાર કોઇ ત્રીજા રાજકીય શક્તિની મદદની મોહતાજ નથી તેમણે કહ્યું કે સરકાર પાંચ વર્ષનો કાર્યકાળ પુરો કરશે .

## ૧૯ વર્ષ જૂના કેસમાં આખરે વિવેક ઓબેરોયને છૂટકારો, હાઇકોર્ટે આપી રાહત

નવીદિલ્હી,તા.૬

દિલ્હી હાઈકોર્ટે બોલીવુડ અભિનેતા વિવેક ઓબેરોય અને તેના પરિવારને સમન્સ આપવાની અરજી ફગાવી દીધી છે. મળતી માહિતી મુજબ વિવેક ૨૦૦૩માં તેના પિતા સુરેશ ઓબેરોય અને તેની દિલ્હી સ્થિત ફર્મ યાશી મલ્ટીમીડિયા પ્રાઈવેટ લિમિટેડ સાથે મળીને એક એન્ટરટેઈનમેન્ટ કંપનીને છેતરવાના આરોપો તેમના પર લાગ્યા હતા.

ભારતીય દંડ સંહિતા મુજબ વિવેક પર ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૨૦૦૩માં યુએસ અને કેનેડામાં યોજાયેલા શોમાં હાજર ન રહેવાનો આરોપ હતો, જ્યારે અરજદારને તેના માટે $૩૦૦,૦૦૦(ત્રણ લાખ ડોલર) ચૂકવવામાં આવ્યા હતા. વિવેક અને તેના પરિવાર પર કેસ કરવામાં આવ્યો હતો. જાણવા મળતી માહિતી મુજબ, મહેતા એન્ટરટેઈનમેન્ટના સીઈઓ અરજદાર દીપક મહેતાએ શરૂઆતમાં ઓબેરોય પરિવાર અને તેની કંપની વિરુદ્ધ ફોજદારી ફરિયાદ સાથે દિલ્હીની મેજિસ્ટ્રેટ કોર્ટ પહોચ્યા હતા, જેમાં તેમની વિરુદ્ધ સમન્સ જારી કરવાની માંગ કરવામાં આવી હતી. પરંતુ તેની અરજી કોર્ટ દ્વારા રદ કરવામાં આવી.

અરજીને ફગાવી દેતા હાઈકોર્ટે એ કહ્યું, કોડ ઑફ ક્રિમિનલ પ્રોસિજર ની કલમ ૪૮૨ હેઠળ તેની સત્તાનો ઉપયોગ કરતી અદાલતને નીચેની અદાલતો દ્વારા આપવામાં આવેલા આદેશોમાં દખલ કરવાનું વ્યાજબી નથી.જેથી ' અરજી ફગાવી દેવામાં આવે છે.

અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, 'ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે તેણે આ રકમ પ્રતિવાદી નંબર ૧ (યાશી એન્ટરટેઈનમેન્ટ) ના બેંક ખાતામાં મોકલી આપી હતી. ફરિયાદીએ શોનું આયોજન કર્યું હતું પરંતુ પ્રતિવાદી નંબર ૫ (વિવેક ઓબેરોય) આવ્યો ન હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ તે નિષ્ફળ ગયા હતા અને ફરિયાદીના પૈસા પરત કરવામાં આવ્યા ન હતા.

## હૈદરાબાદઃ ડ્રગ્સ તસ્કરી મામલે યુએસ યુનિવર્સિટીમાંથી MBA કરી રહેલા ભારતીય વિદ્યાર્થીની ધરપકડ

,હૈદરાબાદ,તા.૬

હૈદરાબાદના પોલીસ કમિશનર સીવી આનંદે જણાવ્યું કે, અમેરિકન યુનિવર્સિટીમાંથી સ્મ્છ કરી રહેલા ૨૨ વર્ષના વિદ્યાર્થીની હૈદરાબાદમાં ડ્રગ્સ ધરાવતી ચોકલેટનું ઉત્પાદન અને સપ્લાય કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આરોપીની ઓળખ ઋષિ સંજય મહેતા તરીકે કરવામાં આવી છે તેના માતા-પિતા હૈદરાબાદમાં ફાર્મા કંપનીના માલિક છે અને તે ખૂબ જ શ્રીમંત પરિવારનો છે. જ્યારે માતા-પિતા ઘરની બહાર હોય ત્યારે તે હેશ ઓઈલથી કાચી ચોકલેટને પકાવતો હતો અને ચોકલેટ બાર તૈયાર કરતો હતો. તેના ગ્રાહકો ૧૮ થી ૨૨ વર્ષની વયના યુવાનો હતા.

તે સોશિયલ મીડિયા વ્હોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને સ્નેપચેટ દ્વારા જાહેરાતો કરતો હતો અને ગ્રાહકો સાથે વાતચીત કરતો હતો.

ઋષિને કોલેજના દિવસોથી જ ડ્રગ્સની લત લાગી હતી. પહેલા તેણે ઈ-સિગારેટ, પછી બ્રાઉની વેચી અને હવે તે ડ્રગ્સ વાળી ચોકલેટ બાર વેચી રહ્યો હતો.

તે ૪ કિલો રો ચોકલેટ લાવતો અને તેમાં ૪૦ ગ્રામ હેશ ઓઈલ મિક્સ કરીને વિવિધ ફ્લેવરની ચોકલેટ બનાવતો હતો.

## આલિયા ભટ્ટ હોસ્પિટલ પહોંચી,જલ્દી કપૂર પરિવારમાં નવા મહેમાનની એન્ટ્રી થશે !

મુંબઈ,તા.૬

બોલીવુડમાં કપૂર ખાનદાન એક ખાસ સ્થાન ધરાવે છે. આ એવો પરિવાર છેકે, જેનો દરેક સભ્ય સેલિબ્રિટિ છે. ત્યારે બોલીવુડને વધુ એક સેલિબ્રિટિ મળવા જઈ રહી છે. ફેન્સની સાથો-સાથ રણબીર અને આલિયાના પરિવારના સભ્યો નાના મહેમાનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અભિનેત્રી આલિયા ભટ્ટ પ્રેગનન્ટ છે. હાલ તે હોસ્પિટલ પહોંચી ગઈ છે. હવે ગમે ત્યારે કપૂર ખાનદાનમાં નવા મહેમાનની એન્ટ્રી થઈ શકે છે. આલિયા હાલ મેડિકલ ટીમના ઓબ્ઝર્વેશનમાં છે.આલિયા ભટ્ટ અને રણબીર કપૂર ટૂંક સમયમાં માતા-પિતા બનવાના છે. પરિવાર અને મિત્રો ઉપરાંત ચાહકો પણ તેમના બાળકની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તાજેતરમાં, આલિયાના બેબી શાવરની વિધિઓ પૂર્ણ થઈ હતી, જેની સુંદર તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. દંપતીના પરિવારજનો પણ ખુશખબરની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આજે તે હોસ્પિટલમાં એડમિટ થઇ છે. ડોક્ટરોની સ્પેશિયલ ટીમ હાલ આલિયાની દેખરેખ કરી રહી છે.રણબીર કપૂર અને આલિયા ભટ્ટે નાના મહેમાનને આવકારવાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં અથવા



ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં માતા બની શકે છે.

# કપરાડાના નાનાપોંઢા ગામે પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે જાહેર જનસભાને સંબોધી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને ગુજરાતને વિકાસનું ગ્રોથ એન્જિન બનાવી સમગ્ર દેશ સહિત વિશ્વમાં ગુજરાત મોડલ પ્રસ્થાપિત કરી દેશને આજે આત્મનિર્ભર અને એક ભારત શ્રેષ્ઠ ભારતની દિશા આપનાર પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આજે ફરી એક દિવસ તેમના વતન ગુજરાતમાં બે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે જેમાં કપરાડા નજીક નાનાપોંઢા ખાતે જાહેરસભા અને ભાવનગર જવાહર ગ્રાઉન્ડ ખાતે સર્વજ્ઞાતિ સમુહ લગ્ન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સુરત એરપોર્ટ થી વલસાડ પહોંચી કાર્યક્રમ સ્થળ પહોંચ્યા હતા. પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની જાહેરસભામાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી.જાહેરસભામાં રાજયના મ્રુદુ અને મક્ક્મ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં જીલ્લા પ્રમુ શ્રી હેમંતભાઇ કંસારાએ પ્રસાંગીક સંબોધન કર્યુ હતું.

પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિશાળ જનમેદનીને સંબોધતા જણાવ્યું કે, લોકતંત્રના ઉત્સવનું બ્યુગલ વાગ્યું છે. ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણી પ્રચારનો પહેલો કાર્યક્રમ આદિવાસી ભાઇ-બહેનો વચ્ચે રાખ્યો છે તેનો મને ખૂબ જ આંનદ છે. મારા માટે છ ફોર એટલે આદિવાસી.. એટલે મારા માટે સૌભાગ્યની વાત પણ છે કે મારી ચૂંટણીની પહેલી સભા મારા આદિવાસી ભાઇ-બહેનોના આશિર્વાદ લઇને કરીશ.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, દિલ્હીમાં જે વાવળ આવે તે એ જ આવે છે કે ગુજરાતના લોકોએ ફરી એક વાર ભાજપની સરકાર બનાવવાનું મન બનાવી દીધું છે. ગુજરાત ફરી ભાજપ સરકાર બનાવશે તેની સાથે જૂના તમામ રેકોર્ડ તોડવાનુ પણ મન બનાવી દીધું છે. આ ચૂંટણીમાં ગુજરાત ભાજપ મારી પાસે જેટલો સમય માંગશે એટલો સમય હું આપીશ. આ વખતની ચૂંટણીમાં હું મારા જ રેકોર્ડ તોડવા માંગુ છું.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, નરેન્દ્ર કરતાં ભુપેન્દ્રના રેકોર્ડ મોટા હોય તેના માટે કામ કરવું છે. ભારતીય જનતા પાર્ટી સતત નવા લોકોને આગળ કરતી રહી છે. આ વખતે પણ ગુજરાતની અંદર જનતા જનાર્દન ભાજપ નો વિજય



વાવટો લહેરાવશે. આ વખતની ચૂંટણી ન તો ભુપેન્દ્ર, ન તો નરેન્દ્ર લડે છે આ ચૂંટણી તો મારા ગુજરાતના ભાઇ-બહેનો લડે છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, મારુ સૌભાગ્ય છે કે ગુજરાતની મારી પહેલી ચૂંટણી સભા આદિવાસી વિસ્તારથી શરૂ થઇ. ગુજરાતના લોકો પાસે ખભેથી ખભો મિલાવી સંપુર્ણ ગુજરાતનો વિકાસ,આપણા સમાજનો વિકાસ કરવાનો અવસર છે. ભાજપ રાષ્ટ્રના વિકાસ માટે જ ગુજરાતના વિકાસની ભાવના લઇ કામ કરે છે. મને દિલ્હીની જવાબદારી આપી પછી ગુજરાતમાં ભુપેન્દ્રભાઇ પટેલ, સી.આર.પાટીલ સહિતના લોકોએ વિકાસની યાત્રા આગળ વધારી રહ્યા છે. બે દાયકા પહેલા ગુજરાતમાં નિરાશાનું વાતાવરણ હતું. ભુંકપ પછી લોકો માનતા કે ગુજરાત મોતની ચાદર ઓઢી લીધી, વારંવાર હુલડ થતા અને નિર્દોષ લોકોના મોત થતા તેવા દિવસો હતા આ બધા પડકારોને ઝીલી ગુજરાતીઓએ ભેગા થઇ દુનિયામાં ડંકો વગાડયો છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, આજે પ્રત્યેક ગુજરાતીના હૈયામાંથી એક નાદ નિકળે છે કે...આ ગુજરાત મે બનાવ્યું છે. ૨૦-૨૫ વર્ષ પહેલા આપણી દિકરીઓના ભણતરનો રેસિયો ખૂબ ઓછો હતો અને આજે પરિસ્થિતિ જુઓ આપણી દિકરીઓ ભણીને આપણુ નામ આગળ વધારી રહી છે. ઉમરગામથી અંબાજીમાં વિજ્ઞાન પ્રવાહની નિશાળ ન હતી અને આજે કોલેજ,આઇ.ટી.આઇ,ગોવિંદ ગુર અને ભગવાન બિરસા મુંડા યુનિવર્સિટીઓ છે. એક સમય હતો કે આદિવાસી વિસ્તારમાં હોસ્પિટલ ન હતી આજે આદિવાસી હોસ્પિટલ અને મેડિકલ કોલેજો છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, પહેલા ગામમાં હેન્ડ પંપ લાગે તો ગામમાં પેંડા વહેચાતા અને આજે એસ્ટોલ જેવી યોજનાઓથી આદિવાસી વિસ્તારમાં ઘરે ઘરે પાણી પહોંચ્યુ છે. આજે ગુજરાતમાં નળ સે જળ યોજના થકી ૧૦૦ ટકા પાણીની વ્યવસ્થા થઇ છે. આજે મત્ય ઉદ્યોગમાં ગુજરાતે ઘણો વિકાસ કર્યો છે. આપણા ગુજરાતના દરિયા કિનારેથી માછી પકડી દુનિયાના દેશોમાં મોકલવામાં આવે છે. આજે ગુજરાતના બંદરોનો પણ વિકાસ થયો છે જેના કારણે રોજગારી વધી છે.

શ્રી મોદી સાહેબ નવ યુવા મતદારો જે પહેલી વાર મત આપનાર વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરશે તેમને સંદેશો આપતા જણાવ્યું કે, જયારે દેશ આઝાદીના ૧૦૦ વર્ષ ની ઉજવણી કરશે ત્યારે દેશનું નેતૃત્વ તમારા હાથમાં હશે. ગુજરાતમાં નફરત ફેલાવનારા લોકોને ગુજરાત ક્યારેય સ્વીકારશે નહી. પહેલાની ચૂંટણીમાં જેમણે-જેમણે ગુજરાતને નીચુ દેખાડવાનો પ્રયત્ન કર્યો છે તેને વાળી-ચોળી સાફ કરી દીધા છે અને આ ચૂંટણીમાં પણ તેમની જ આ દશા થશે. આવનાર ચૂંટણીમાં કમળની તાકાત સૌ સાથે મળી વધારી ગુજરાતને નવી ઉંચાઇ પર લઇ જવાનું છે.

રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે જાહેરસભાને સંબોધતા જણાવ્યું કે, દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ,વન બંધુઓ સહિત તમામ વર્ગના લોકોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જ સાબિત કરે છે કે આજે પણ તેમને વિકાસપુરષ એવા પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ભાજપ પર અટૂત વિશ્વાસ છે. ગુજરાત આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં ગુજરાત વિકાસનો પર્યાય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં પાછલા બે દાયકામાં આદિવાસી સમાજના વિકાસની દિશા ગુજરાતને મળી છે. વિકાસ શું હોય અને વિકાસ કેવો હોઇ શકે તે આજે સૌને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે બતાવ્યું છે. વિકાસની રાજનીતીનો દાખલો ગુજરાતમાં ભાજપની ડબલ એન્જિનની સરકારે બેસાડયો છે. આજે પણ ગુજરાતની જનતાને ભરોસાની ભાજપ સરકાર પર વિશ્વાસ છે. આદિવાસીઓના ઉત્કર્ષ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીમાં ગુજરાતની ભાજપ સરકાર આરોગ્ય, શિક્ષણ, આવાસ, પાણી, વિજલી,કૃષી સહિતના કામો કર્યો છે. ભાજપની સરકારે ટ્રાયબલ ડેવલોપમેન્ટ માટે આગવું મોડલ દેશને આપ્યું છે.

શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે વધુમાં જણાવ્યું કે, એક સમય હતો કે આદિવાસીઓને મરઘા,બતક અને માછલીની જાળની લોન લેવા ચપલ ઘસાઇ જતા હતા પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં એક લાખ કરોડની વન બંધુ કલ્યાણ યોજના શરૂ કરી જેના કારણે આજે વન બંધુ વિશ્વ બંધુ બન્યા છે.

કેન્દ્ર અને રાજય સરકારની ડબલ એન્જિનની સરકારે વનવાસી વિસ્તારોમાં કનેકટીવીટી વિકસાવી છે. આદિવાસીઓને પાકા મકાન આપ્યા,પાણી વિજળીની સુવિઘા પણ આપી છે.

શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબે આદિવાસી સમાજની દિકરીને અભ્યાસની સુવિધા મળે તે માટે આદર્શ નિવાસી શાળાઓ, એક લવ્ય મોડલ રેસિડન્સ સ્કુલ થકી મફત શિક્ષણની સુવીધા આપીએ છીએ. વન બંધુઓને તેમના ઘર આંગણે જ આજે સારી હોસ્પિટલની સુવિઘાઓ પણ આપી છે. ઉમરગામથી અંબાજી સુધી આદિવાસી વિસ્તારમાં ૧૪ જિલ્લામાં ૧૫ હજાર ચેકડેમ,ચાર હજાર તળાવ ઊંડા કરવા અને હાઇલેવલ કેનલના વિકાસના વ્યાપક કામો ભાજપની સરકારે કર્યા છે.

રાજય સરકારે અદ્યતન ટેકનોલોજી સાથે સિંચાઇની યોજનાઓ લાવી ખેડૂતોને સિંચાઇનું પુરતુ પાણી પહોંચાડ્યુ છે. ગુજરાતની વિકાસ યાત્રાને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આગળ લઇ જવાની છે.

આ જનસભામાં રાજયનામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, શ્રી નરેશભાઇ પટેલ, શ્રી જીતુભાઇ ચૌધરી, બિહાર પ્રદેશના મહામંત્રીશ્રી સંજીવ ચૌરસિયાજી, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ઉષાબેન પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અલ્કાબેન શાહ, સાંસદશ્રી ડો.કે.સી.પટેલ, ધારાસભ્યશ્રીઓ અને સંગઠનના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

## ગુજરાતમાં પક્ષ અને ઉમેદવારોના નામ પર રૂ. ૧૦૦ કરોડથી વધારાનો સટ્ટો ખેલાશે

અમદાવાદ,તા.૬

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતા રાજકીય માહોલમાં ગરમાવો આવી ગયો છે. આ સાથે કેટલાંક બુકીઓએ પોલીટીકલ સટ્ટાની લાઇન ઓપન કરી છે. જેમાં આજથી ક્યા ઉમેદવારને ટિકિટ મળી શકે છે? તેને લઇ સટ્ટોડિયાઓ પાસે સટ્ટો બુક કરવાનું શરૂ કર્યું છે. આ સટ્ટામાં હાલના મંત્રી મંડળમાં રહેલા ધારાસભ્યોને રિપીટ કરાશે કે નહી? તેમજ ક્યાં સંભવિત નવા ચહેરાને તક મળી શકે છે? તે બાબતો પર સટ્ટો રમાઇ રહ્યો છે.ગુજરાત વિધાનસભાના જંગમાં પ્રથમવાર ઝંપલાવી રહેલી આમ આદમી પાર્ટીને કારણે ગુજરાતમાં રાજકીય ગરમાવો છે. માત્ર કોંગ્રેસને જ નહી પણ ભાજપને પણ આમ આદમી પાર્ટીને મળી રહેલા લોકોના પ્રતિભાવને લીધે ચિંતા છે. ત્યારે આ વિધાનસભાની ચૂંટણીમાં ક્યા પક્ષને કેટલી બેઠકો મળશે? ‘કઇ બેઠકો ગુમાવવી પડશે? ‘હાલના ધારાસભ્યોમાંથી કોની ટિકિટ કપાશે?’ જેવી બાબતોની ચર્ચા સૌથી વધારે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીધામ, પાલનપુર, મહેસાણાના ઉંઝાના બુકીઓએ રાજકીય સટ્ટાની નવી લાઇન ખોલી છે. જેમા સટ્ટોડિયાઓ માટે સટ્ટાના પ્રથમ રાઉન્ડમાં ક્યા ઉમેદવારની ટિકિટ કપાઇ શકે છે? ક્યા નવા ઉમેદવારને તક મળી શકે છે? તેને લઇને સટ્ટો શરૂ કર્યો છે. જેમાં વડોદરામાં રાજેન્દ્ર ત્રિવેદીની ટિકીટ ફાળવણી માટે ૧૫ પૈસાનો ભાવ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા પર માત્ર પાંચ પૈસા, હર્ષ સંધવીની શક્યતા ૪૫ પૈસા, રાજકોટમાં મોટાભાગના હાલના ધારાસભ્યો પર વધુ ૨૦ પૈસાનો ભાવ ચાલી રહ્યો છે. ગોંડલની બેઠક પર રાજકીય વિવાદને કારણે ત્યાંનો સટ્ટો બુકીઓ ટાળી રહ્યા છે. જો કે કોંગ્રેસના ઉમેદવારો પર સટ્ટોડિયાઓ નાણાં લગાવવાનું ટાળી રહ્યા છે.અમદાવાદ સ્થિત બુકીએ જણાવ્યું કે ઉમેદવારોના નામ જાહેર થયા બાદ બેઠકોની જીતની સંભાવના પર સટ્ટો ખોલવામાં આવશે. જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પૈકી કઇ પાર્ટીને કેટલી બેઠકો પર જીત મળી શકે છે? તેના પર સટ્ટો રમાશે. સામાન્ય રીતે ક્રિકેટ પર ચાલતા સટ્ટાની સાથે જ આ સટ્ટાની લાઇન ખોલવામાં આવી છે. જો કે ઉમેદવારોના નામની યાદી, પક્ષ પલ્ટાની સ્થિતિને ધ્યાનમાં લઇને આ ટ્રેન્ડ બદલાઇ શકે છે.એક અંદાજ મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સટ્ટોડિયાઓ રૂપિયા ૧૦૦ કરોડથી વધારેનો સટ્ટો રમી શકે છે. બુકીઓ માને છે કે ક્રિકેટના ટ્રેડીશનલ સટ્ટાથી આ સટ્ટો અલગ છે અને તેને રમનારો વર્ગ અલગ છે.

## અમેરિકામાં ફરીથી અંધાધૂંધ ગોળીબાર, બારની બહાર ૧૨ લોકોને ગોળી વાગી

ફિલાડેલ્ફિયા,તા.૬

અમેરિકાના ફિલાડેલ્ફિયાના કેન્સિંગ્ટન વિસ્તારમાં એક બારની બહાર ગોળીબારની ઘટનામાં ઓછામાં ઓછા ૧૨ લોકો ઘાયલ થયા છે. ઈસ્ટ એલેગેની અને કેન્સિંગ્ટન એવન્યુ વિસ્તારમાં શનિવારે રાત્રે ફાયરિંગ થયું હતું. સૂત્રોએ પુષ્ટિ કરી છે કે ફાયરિંગની ઘટનામાં ઓછામાં ઓછા ૧૨ લોકોને ગોળી વાગી છે. ઘાયલોની હાલની સ્થિતિ વિશે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી. હજુ એ સ્પષ્ટ નથી થયું કે ગોળીબારનું કારણ શું હતું? ઈજાગ્રસ્ત લોકોને તેમની ઈજાની ગંભીરતાના આધારે હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા છે.

**બંદૂકો પર લાઈસન્સ ન હોવાના કારણે અમેરિકામાં ગન કલ્ચર ખૂબ જ લોકપ્રિય છે. જેનું નુકસાન સામાન્ય જનતાને ભોગવવું પડે છે. સરકારે ઘણી વખત બંદૂકો પર લાઈસન્સ લાદવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ દરેક વખતે તેને બંદૂક-સ્વતંત્રતાના સમર્થકો સામે ઝુકવું પડ્યું છે.**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ઘટનાના કેટલાક દ્રશ્યોમાં ફિલાડેલ્ફિયાના બાર પાસે પોલીસ વાહનો પાર્ક કરેલા દર્શાવવામાં આવ્યા હતા જ્યાં ફાયરિંગની જાણ કરવામાં આવી હતી. જો કે,દ્રશ્યોની સત્યતા ચકાસી શક્યું નથી. જેક્સ બારની બહાર સામૂહિક ગોળીબાર બાદ ફિલાડેલ્ફિયાના કેન્સિંગ્ટનમાં અનેક પોલીસ કર્મચારીઓ પહોંચ્યા છે. ફિલાડેલ્ફિયા પોલીસ વિભાગના નિરીક્ષક ડી.એફ. પેસે જણાવ્યું હતું કે પીડિતોને કેન્સિંગ્ટન અને એલેગેની એવેન્યુ નજીક ગોળી મારવામાં આવી હતી. તેમની તબીબી સ્થિતિ વિશે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી. પોલીસના જણાવ્યા અનુસાર આ ગોળીબાર રાત્રે ૧૧ વાગ્યા પહેલા થયો હતો. આ કેસમાં પોલીસ હજુ સુધી તાત્કાલિક ધરપકડ કરી શકી નથી.

અમેરિકાના શહેરોમાં અવારનવાર ગોળીબારની ઘટનાઓ બને છે અને તેમાં અનેક નિર્દોષોના જીવ જાય છે. બંદૂકો પર લાઈસન્સ ન હોવાના કારણે અમેરિકામાં ગન કલ્ચર ખૂબ જ લોકપ્રિય છે. જેનું નુકસાન સામાન્ય જનતાને ભોગવવું પડે છે. સરકારે ઘણી વખત બંદૂકો પર લાઈસન્સ લાદવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ દરેક વખતે તેને બંદૂક-સ્વતંત્રતાના સમર્થકો સામે ઝુકવું પડ્યું છે. સપ્ટેમ્બરના પ્રારંભિક સપ્તાહમાં, ટેનેસી રાજ્યના મેમ્ફિસ શહેરમાં ફેસબુક લાઇવ સ્ટ્રીમ કરતી વખતે એક વ્યક્તિએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ઓછામાં ઓછા ૨ લોકોના મોત થયા છે.







**અખિલ વિશ્વાધિપતિ શ્રી ગોપાલકૃષ્ણના ૫૨૫૨માં અવતાર વર્ષ નિમિત્તે, ૫૨૫૨ તુલસી શાલિગ્રામ વિવાહ મંગલ મહોત્સવનું ઐતિહાસિક આયોજન ભગવલ્લીલા પ્રેમી સંત મહાત્માઓંના પવિત્ર સાનિધ્યમાં તથા ૫૨૫૨ શ્રી રાધા દામોદર ઉપાસક યુગલોની યજમાનીમાં કારતક શુક્લ એકાદશી ૪ નવેમ્બર, ૨૦૨૨ના રોજ યોજાઈ.**

**આ આયોજનમાં ૧ લાખ જેટલા લોકો સામેલ થયા હતા. અને ઐતિહાસિક દિવસ સાબિત થયો. આ દિવસે કુલ ૫૨૫૨ તુલસીવિવાહ સંપન્ન થયા. જે લિમ્કા બુક ઓફ રેકર્ડ સ્થાન પામશે.**

## ગુજરાત કોંગ્રેસનો મોટો આરોપ, ‘ભાજપે ૨૭ વર્ષમાં એક પણ નવી સરકારી શાળા કે હોસ્પિટલ બનાવ્યા નથી‘

અમદાવાદ,તા.૬

ગુજરાત કોંગ્રેસનાં નેતા ભરતસિંહ સોલંકીએ ભાજપ સામે અનેક પ્રહાર કર્યા છે. આજે તેમણે ગુજરાત ચૂંટણી પહેલા કોંગ્રેસએ ભાજપ સામે તોહમતનામુ બહાર પાડ્યું છે. તેમણે ૨૦ મુદ્દાઓનું આરોપનામું જનતા સામે મુક્યું હતુ. સરકારની વિવિધ નિષ્ફળતાઓ ગણાવીને તેમની પર આરોપ લગાવવામાં આવ્યા છે.

ગુજરાત કોંગ્રેસે ભાજપ સરકારની નિષ્ફળતાઓને રજુ કરતું તહોમતનામાં અંગે વિશેષ પત્રકાર પરિષદ કરી હતી. આમાં ભ્રષ્ટાચાર સાથે બેરોજગારી અને મોરબીની દુર્ઘટનાનો પણ સમાવેશ કર્યો હતો. ગુજરાત કોંગ્રેસે જણાવ્યું કે, ગુજરાત સરકાર સામે અમે સત્તાવાર આંકડાના આધારે તોહમતનામું રજૂ કરી રહ્યા છીએ. ૨૭ વર્ષ થી ભાજપનું શાસન છે એ પહેલા કોંગ્રેસનું શાસન હતું. કોંગ્રસના શાસનમાં તમામ સરકારી નવી શાળાઓ બનાવી છે. અત્યારની તમામ ૧૯૯૫ સુધીની સરકારી શાળાઓ કોંગ્રેસે બનાવી છે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, ભાજપે એક પણ સરકારી શાળા બનાવી નથી. ઉલટાની ભાજપ સરકાર દ્વારા બંધ કરાવાઇ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, તમામ સરકારી દવાખાનાઓ કોંગ્રેસે બનાવ્યા છે. ભાજપ દ્વારા એક પણ સરકારી દવાખાના બનાવાયા નથી. તમામ મેડિકલ કોલેજ પણ કોંગ્રેસ દ્વારા બનાવાઇ છે. ભાજપ દ્વારા બનાવાઇ નથી. જે ફી ભરવી પડે તે કામ ભાજપ દ્વારા કરવામાં આવ્યા છે. ૨૭ વર્ષમાં ભાજપ ગુજરાતને અધોગતિ તરફ લઈ ગયા છે.

૨૦ મુદ્દાઓનું ભાજપ સામેનું આરોપનામુ કોંગ્રેસ જનતા સમક્ષ મુક્યું છે. તેમમે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિત ૨૦ મુદ્દાઓનું આરોપનામુ જનતા સામે મુક્યું છે. મોરબીના ઝૂલતા પુલની દુર્ઘટનાનો આરોપનામામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

બોટાદના કથિત લઠ્ઠાકાંડનો પણ કોંગ્રેસે આરોપનામામાં સમાવેશ કર્યો છે.

આ સાથે શિક્ષણ, આરોગ્યની અયોગ્ય સુવિધાઓને ભાજપ સરકાર સામે કોંગ્રેસના આરોપનામામાં સમાવેશ કર્યો છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે આરોપનામાં સમાવેશ કરાયો છે.વિધાનસભાની ચૂંટણીના પ્રચારના ભાગ સ્વરૂપે કોંગ્રેસ ભાજપ સરકાર સામે ચાર્જશીટ પ્રજા સમક્ષ મૂકી છે.

### કેન્યામાં ૪૦ વર્ષનો સૌથી ભયંકર દુષ્કાળ,અત્યાર સુધી ૧ હજાર પ્રાણીઓના મોત

લાઈકિપિયા,તા.૬

કેન્યામાં ભયંકર દુકાળ પડ્યો છે. કેન્યામાં ૪૦ વર્ષમાં પહેલીવાર આટલો ભયંકર દુષ્કાળ પડ્યો છે. જેના કારણે વન્ય જીવો પર સંકટ ઉભુ થયું છે. કહેવામાં આવી રહ્યું છે કે દુષ્કાળની સૌથી વધુ અસર હાથી અને ઝેબ્રા પર થઈ છે. ઝેબ્રાસ અને પછી હાથી એ મોટી સંખ્યામાં વન્યજીવો છે જે દુષ્કાળને કારણે મૃત્યુ પામ્યા છે.

અત્યાર સુધીમાં ૧૦૦૦ થી વધુ વન્યજીવો માર્યા ગયા છે અને ૩૮૧ માત્ર ઝેબ્રા જ આમાં સામેલ છે.

વન્યજીવોમાં માર્યા ગયેલા લોકોમાં હાથીઓ બીજા નંબરે છે અને એવું કહેવામાં આવ્યું છે કે અત્યાર સુધીમાં ૨૦૫ હાથીઓના મોત થયા છે.અહેવાલો અનુસાર, મૃત્યુ પામેલા અન્ય વન્યજીવોમાં ૪૯ ગ્રેવી ઝેબ્રા અને ૫૧ ભેંસનો સમાવેશ થાય છે. કેન્યાની રાજ્ય એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે આટલી મોટી સંખ્યામાં પ્રાણીઓ પાણીના અભાવે મૃત્યુ પામ્યા છે.





**વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા આજથી હિન્દૂ હિતચિંતક અભિયાનની શરૂયાત કરાઈ છે, વિહિપના પ્રદેશમંત્રી અશોકભાઈ રાવલે અમદાવાદના નરોડા વિસ્તારમાં આ અભિયાનની શરૂઆત કરાવી હતી. આજથી પંદર દિવસ સુધી ચાલનારા હિન્દૂ હિતચિંતક અભિયાનમાં વિહિપ ગુજરાતનાં ૧૦ હજાર ગામમાં જઈને ૫૦ લાખ હિન્દુઓને પોતાની સાથે જોડશે.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.